Volume : 12
Issue : 180
Dt.: 29-10-2026
THURSDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
ગુજરાત વંશ
(Published Daily From Ahmedabad)

Editor : HETALBEN J. GAJJAR Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

હવે મોંઘવારી ભથ્થું વધીને ૬૩% થયું

કેન્દ્રીય કર્મચારીઓની દિવાળી સુધરી : DAમાં ૩%નો વધારો

આ વધારો ૧ જુલાઈથી અમલી ગણાશે : આ સમયગાળાની બાકી રકમ (એરિયર્સ) ઓક્ટોબરના પગારમાં ઉમેરીને નવેમ્બરમાં ચૂકવવામાં આવશે

નવી દિલ્હી,

દિવાળી પહેલાં, સરકારે ૧ કરોડથી વધુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને મોટી રાહત આપી છે. કેબિનેટે મોંઘવારી ભથ્થામાં ૩%નો વધારો મંજૂર કર્યો છે, જેનાથી કુલ DA વધીને ૬૩ % થયો છે. વિગતો અનુસાર, આ વધારો ૧ જુલાઈથી અમલી ગણાશે. આ સમયગાળાની બાકી રકમ (એરિયર્સ) ઓક્ટોબરના પગારમાં ઉમેરીને નવેમ્બરમાં ચૂકવવામાં આવશે. DAમાં થયેલા આ વધારાને કારણે કેન્દ્ર સરકાર પર રૂપિયા ૧૦,૦૧૬ કરોડનો વધારાનો નાણાકીય બોજ પડશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો દશેરાથી જ આ વધારાની રાહ જોઈ રહ્યા હતા. અગાઉની બે સાપ્તાહિક કેબિનેટ બેઠકોમાં કોઈ જાહેરાત ન થતાં, આ વધારાની માંગ વધુ પ્રબળ બની હતી.

મોંઘવારી ભથ્થું મૂળ પગારના (બેઝિક પે) ટકાવારી તરીકે ગણવામાં આવે છે. તેથી, DAમાં વધારો થવાથી કર્મચારીના પગારમાં પણ વધારો થાય છે. પરિવહન ભથ્થું (Transport Allowance – TPTA) જે પગારનો એક ભાગ છે અને ફ્ઇ સાથે જોડાયેલું છે. તેમાં પણ વધારો થાય છે. DA ૬૦ % થી વધીને ૬૩% થવાથી, 'લેવલ ૫' પરના કેન્દ્ર સરકારના કર્મચારી કે જેમનો મૂળ પગાર રૂપિયા ૨૯,૨૦૦ છે. તેમના પગારમાં નોંધપાત્ર વધારો જોવા મળી શકે છે.

નિષ્ણાતોના અંદાજ મુજબ, DAના હિસ્સામાં માસિક રૂપિયા ૮૭૬ નો વધારો થશે. આ ઉપરાંત, પરિવહન ભથ્થામાં (TPTA) પણ આશરે રૂપિયા ૧૦૮નો વધારો થશે.

DAમાં આ વધારો ૭મા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે નક્કી કરાયેલા સૂત્ર મુજબ લાગુ કરવામાં આવ્યો છે. છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચ (CPC) હેઠળ આવતા કર્મચારીઓ માટે, મોંઘવારી ભથ્થું/મોંઘવારી રાહત (DA/DR) મૂળ પગારના ૨૬૨% થી વધીને ૨૬૯ % થશે. જેમાં ૭ % નો વધારો છે. આ ફેરફાર ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલી બનશે. જ્યારે, પાંચમા કેન્દ્રીય પગાર પંચ (CPC) હેઠળ આવતા કર્મચારીઓ માટે, DA/DR મૂળ પગારના ૪૮૩ % થી વધીને ૪૯૭ % થશે. જેમાં ૧૪% નો વધારો છે. આ વધારો પણ ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલી થશે. કેન્દ્રની મોદી સરકારે આપેલ અન્ય મહત્વપૂર્ણ મંજૂરીઓમાં રુપિયા ૧૦,૦૦૦ કરોડની ફાળવણી સાથે 'કન્ટેનર મેન્યુફેક્ચરિંગ પ્રમોશન સ્કીમ' (કન્ટેનર ઉત્પાદન પ્રોત્સાહન યોજના), રૂ.૧,૮૫૬ કરોડના ખર્ચ સાથે 'ખેલો ઈન્ડિયા સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ' (ખેલો ઈન્ડિયા રમતગમત સામગ્રી ઉત્પાદન યોજના), અને રૂ.૭,૩૯૫ કરોડની ફાળવણી સાથે 'પ્રધાનમંત્રી વિકસિત ગ્રામ સ્વરાજ યોજના'નો સમાવેશ થાય છે. 'ખેલો ઈન્ડિયા સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ' આઠ વર્ષના સમયગાળા માટે (નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ થી નાણાકીય વર્ષ ૨૦૩૩-૩૪ સુધી) અમલમાં રહેશે. તેમાં બે મુખ્ય ઘટકો છે. ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહનો અને એક વ્યાપક ઈકોસિસ્ટમ (પરિસ્થિતિકી તંત્ર) વિકસાવવા માટેના પગલાં. આ યોજના હેઠળના પ્રોત્સાહનોમાં સમર્પિત ઉત્પાદન ઝોનની રચના, મુખ્ય રોકાણો (એંકર ઈન્વેસ્ટમેન્ટ્સ) માટે સહાય, ટર્નઓવર આધારિત સહાય અને હાલના ક્લસ્ટરો (ઉદ્યોગ સમૂહો) માટે મદદનો સમાવેશ થાય છે. ઈકોસિસ્ટમ વિકસાવવાના પગલાંમાં પ્રમાણપત્ર અને પરીક્ષણ, સંશોધન અને કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ માટે સહાય, તેમજ બ્રાન્ડિંગ અને પહોંચ વધારવાની પહેલોનો સમાવેશ થાય છે. મોંઘવારી ભથ્થું કેન્દ્ર સરકારના કર્મચારીઓને અપાતું વધારાનું ભથ્થું છે. તેનો ઉદ્દેશ્ય મોંઘવારીને કારણે કર્મચારીઓની ખરીદી ક્ષમતા પર પડનાર અસરને ઘટાડવાનો છે. તેની ગણતરી કર્મચારીના મૂળ પગારના ટકાના આધારે કરવામાં આવે છે.

મેડિકલ ઈન્સ્યોરન્સ વગર મુસાફરી ભારે પડશે

દુબઈ જતા ભારતીયો માટે તાકીદની એડવાઈઝરી જારી

UAE પ્રવાસે જતાં કે ત્યાં રહેતા દરેક ભારતીય નાગરિક પાસે પૂરતું મેડિકલ ઈન્સ્યોરન્સ કવરેજ હોવું અનિવાર્ય

નવી દિલ્હી,

યુનાઈટેડ આરબ અમીરાત (UAE) માં રોજગાર અર્થે વસતા, પરિવાર સાથે રહેતા કે ટૂરિસ્ટ વિઝા પર પ્રવાસે જતાં ભારતીય નાગરિકો માટે ભારતીય દૂતાવાસ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને સચેત કરતી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

અબુ ધાબી સ્થિત ભારતીય એમ્બેસી અને દુબઈના કોન્સ્યુલેટ જનરલ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે UAE પ્રવાસે જતાં કે ત્યાં રહેતા દરેક ભારતીય નાગરિક પાસે પૂરતું મેડિકલ ઈન્સ્યોરન્સ કવરેજ હોવું અનિવાર્ય છે.

તાજેતરમાં એવા અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જ્યાં ભારતીય નાગરિકોને અચાનક ગંભીર બીમારી કે તબીબી કટોકટીનો સામનો કરવો પડ્યો હોય અને વીમાના અભાવે હોસ્પિટલોના ભારેખમ બિલ ચૂકવવામાં ભારે આર્થિક મુશ્કેલીઓ વેઠવી પડી હોય. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતીય મિશનોએ નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે. એડવાઈઝરીમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે પ્રવાસીઓએ એવો મેડિકલ ઈન્સ્યોરન્સ લેવો જોઈએ જેમાં હોસ્પિટલમાં સારવાર માટે કેશલેસ સુવિધા ઉપલબ્ધ હોય અને કટોકટીના સંજોગોમાં દર્દીને તાત્કાલિક ભારત પરત લાવવાનો (મેડિકલ રિપેટ્રિએશન) ખર્ચ પણ આ પોલિસીમાં આવરી લેવાયેલો હોય. આ ઉપરાંત, જે ભારતીયો પહેલેથી જ એમ્પ્લોયમેન્ટ વિઝા કે ડિપેન્ડન્ટ વિઝા પર UAE માં વસવાટ કરી રહ્યા છે, તેમને પણ પોતાની વર્તમાન હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી ઝીણવટપૂર્વક ચકાસી લેવાની સલાહ આપવામાં આવી છે, જેથી કોઈપણ મેડિકલ ઈમરજન્સી વખતે પર્યાપ્ત નાણાકીય રક્ષણ મળી રહે. ઉલ્લેખનીય છે કે ભારત અને UAE નાગરિકોની સુરક્ષા અને કલ્યાણ માટે સતત પરસ્પર સહયોગથી કામ કરી રહ્યા છે, અને તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલી ૭મી ભારત-યુએઈ કન્સ્યુલર બેઠકમાં પણ શ્રમિકોના પ્રશ્નો અને કાનૂની સહાય જેવા મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. અત્યંત મહત્વપૂર્ણ અને સચેત કરતી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

ભાજપની સમિતિએ કરી જાહેરાત

હરદીપ સિંહ પૂરી મધ્યપ્રદેશથી રાજ્યસભા ચૂંટણી લડશે

નવી દિલ્હી,

કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીને ભાજપે મધ્ય પ્રદેશથી રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા છે. એટલે કે તેઓ મંત્રી બન્યા રહેશે. તેમની રાજ્યસભાનો વર્તમાન કાર્યકાળ ૨૫ નવેમ્બરે પૂરો થઈ રહ્યો છે. આ પહેલા બુધવારે (૨૮ ઓક્ટોબર) ભાજપે તેમને એલ મુરુગનના રાજીનામા પછી ખાલી પડેલી સીટ પરથી ટિકિટ આપવાની જાહેરાત કરી.

એલ મુરુગનના રાજીનામા પછી ખાલી પડેલી સીટ પરથી તેઓ રાજ્યસભા જશે. ચૂંટણી પંચે (ECI) ગુરુવારે (૨૨ ઓક્ટોબર) મધ્ય પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણીની જાહેરાત કરી હતી. અહીં ૧૨ નવેમ્બરે વોટ નાખવામાં આવશે. હરદીપ પુરી મોદી સરકારમાં વર્ષ ૨૦૨૧ થી પેટ્રોલિયમ મંત્રી છે. તેઓ શહેરી વિકાસ મંત્રી પણ રહી ચૂક્યા છે. IFS અધિકારી રહેલા હરદીપ પુરી જાન્યુઆરી ૨૦૧૪ માં ભાજપમાં સામેલ થયા હતા. ડૉ. એલ. મુરુગને ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ પોતાના કેન્દ્રીય મંત્રીપરિષદ અને રાજ્યસભાની સદસ્યતા પરથી રાજીનામું આપી દીધું છે. ત્યારબાદ આ સીટ ખાલી થઈ હતી. ભારત ચૂંટણી પંચે ૨૨ ઓક્ટોબરે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો હતો. આ સીટ પર ૧૨ નવેમ્બરે મતદાન થશે. આ જ દિવસે સાંજે ૫ વાગ્યે મતગણતરી કરવામાં આવશે. ૨૩૦ સભ્યો વાળી વિધાનસભામાં એક સીટ જીતવા માટે ૧૧૬ મતોનો કોટા છે, મધ્ય પ્રદેશ વિધાનસભામાં કુલ ૨૩૦ સભ્યો છે. જો તમામ ધારાસભ્યો મતદાન કરે અને કોઈ મત અમાન્ય ન ઠરે, તો એક રાજ્યસભા સીટની ચૂંટણીમાં જીત માટે જરૂરી મતોનો કોટા ૧૧૬ થશે. હરદીપ સિંહ પુરી ભારતીય રાજકારણમાં એક જાણીતું નામ છે. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત ઈન્ડિયન ફોરેન સર્વિસ (IFS) માં અધિકારી તરીકે કરી હતી અને ત્યારબાદ તેઓ રાજકારણમાં આવ્યા. તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને વિવિધ મહત્વપૂર્ણ રાજદ્વારી જવાબદારીઓ સંભાળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારમાં તેમણે અનેક મંત્રીપદો સંભાળ્યા છે. તેઓ એક પૂર્વ રાજદ્વારી અને કેન્દ્રીય મંત્રી તરીકે જાણીતા છે.

ચાર રાજ્યોના ચૂંટણીના પરિણામો બાદ મોદીનો વ્યંગ

બેલેટ પેપરથી ચૂંટણી થઈ તો કોંગ્રેસ કેટલી બેઠકો જીતી?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૪ રાજ્યોની ૨૮ વિધાન પરિષદ બેઠકોના પરિણામો બાદ કોંગ્રેસ પર પ્રહારો કર્યા

નવી દિલ્હી,

ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાન પરિષદ (MLC) ચૂંટણીના પરિણામો સામે આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને કર્ણાટકની કુલ ૨૮ બેઠકો પર યોજાયેલી આ ચૂંટણીમાં કોંગ્રેસ એક પણ બેઠક જીતી શકી નથી. ખાસ વાત એ છે કે આ ચૂંટણી બેલેટ પેપર દ્વારા યોજાઈ હતી, જેને લઈને પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકીને કોંગ્રેસના પ્રદર્શન પર કટાક્ષ કર્યો છે.

આ ચૂંટણીમાં ઉત્તર પ્રદેશની ૧૧, બિહારની ૮, મહારાષ્ટ્રની ૫ અને કર્ણાટકની ૪ વિધાન પરિષદ બેઠકોનો સમાવેશ થાય છે. આ તમામ બેઠકો માટે મતદાન ૨૩ ઓક્ટોબરના રોજ થયું હતું અને મતગણતરી ૨૭ ઓક્ટોબરથી શરૂ કરવામાં આવી હતી. આ ચૂંટણીઓ મુખ્યત્વે શિક્ષક અને સ્નાતક મતવિસ્તારો માટે યોજાઈ હતી, જેમાં સામાન્ય જનતાને બદલે માત્ર સંબંધિત ક્ષેત્રના નોંધાયેલા મતદારો જ મતદાન કરે છે.

કર્ણાટકની તમામ ૪ બેઠકો પર ભાજપ અને JDS ગઠબંધને ક્લીન સ્વીપ કરીને ભવ્ય જીત નોંધાવી છે. ભાજપે પોતાની ૩ બેઠકો જાળવી રાખી છે, જ્યારે જેડીએસે બેંગલુરુ શિક્ષક બેઠક કોંગ્રેસ પાસેથી આંચકી લીધી છે. કર્ણાટકમાં હાલ કોંગ્રેસની પોતાની સરકાર હોવા છતાં તેને એક પણ બેઠક મળી નથી. ઉત્તર પ્રદેશની ૧૧ બેઠકો પર મુખ્ય મુકાબલો ભાજપ અને સમાજવાદી પાર્ટી વચ્ચે જોવા મળ્યો હતો. અત્યાર સુધીના પરિણામો અનુસાર ભાજપે ૪ બેઠકો અને સપાએ ૨ બેઠકો પર વિજય મેળવ્યો છે, જ્યારે બાકીની બેઠકો પર હજુ પણ મતગણતરીની પ્રક્રિયા ચાલી રહી છે.

વિપક્ષ દ્વારા લાંબા સમયથી EVMની વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે, તેવા સમયે જ પીએમ મોદીનું આ નિવેદન સામે આવ્યું છે. બેલેટ પેપરથી થયેલી ચૂંટણીમાં પણ કોંગ્રેસ ખાતું ખોલાવી ન શકતાં હવે ફરી એકવાર EVM અને બેલેટ પેપર અંગે દેશભરમાં નવો રાજકીય ગરમાવો આવી ગયો છે. કર્ણાટકમાં હાલ કોંગ્રેસની પોતાની સરકાર હોવા છતાં તેને એક પણ બેઠક મળી નથી.

તિરુપતિ બાલાજી મંદિર આંધ્રપ્રદેશનું પ્રખ્યાત મંદિર છે

તિરુપતિ બાલાજી મંદિર પરિસરમાં રીલ્સ બનાવી તો કાર્યવાહી થશે

તિરુપતિ બાલાજી મંદિર પરિસરમાં ડાન્સ કરી મંદિરની ગરિમાનો ભંગ કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાશે

અમરાવતી,

સોશિયલ મીડિયામાં રીલ્સ પોસ્ટ કરવાનો ક્રેઝ એટલો બધો વધી ગયો છે કે લોકો સ્થળ અને સમયનું ભાન પણ ભૂલી જાય છે. લોકો ધાર્મિક સ્થળો એ પણ રીલ્સ બનાવતા અને ફિલ્મી ગીતો પર ડાન્સ કરતા નજરે પડે છે. આ સ્થિતિ દેશભરમાં જોવા મળે છે. પરંતુ હવે તિરુપતિ તિરુમાલા દેવસ્થાનમ ટ્રસ્ટ દ્વારા આવા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી શરુ કરવામાં આવી છે. જે અંતર્ગત તિરુપતિ મંદિરના પરિસરમાં જો કોઈ રીલ્સ બનાવશે કે ડાન્સ કરશે તેના વિરોધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની શરુઆત પણ થઈ ચુકી છે. તિરુપતિ બાલાજી મંદિર આંધ્રપ્રદેશનું પ્રખ્યાત મંદિર છે. અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરવા પહોંચતા હોય છે. તિરુપતિ બાલાજી મંદિર તરફથી મંગળવારે એ જાણકારી સામે આવી કે હવેથી તિરુપતિ બાલાજી મંદિરના પરિસરમાં રીલ્સ બનાવવા અને ફિલ્મી ગીતો પર ડાન્સ કરીને વિડીયો બનાવતા લોકો વિરોધ કાયદેસરની કાર્યવાહી શરુ કરવામાં આવી છે. મંદિરમાં રીલ્સ બનાવી વીડિયો અપલોડ કરનાર વિરુદ્ધ કાર્યવાહી થઈ હોવાનું કહેવાય છે. જાણવા મળતી માહિતી અનુસાર મંદિર પરિસરમાં રીલ્સ શૂટ થઈ રહી હતી તે જોયા પછી પણ મંદિરના કર્મચારીઓએ તેમને રોક્યા નહીં. તેને લઈને કર્મચારીઓને પણ ડ્યુટી પરથી હટાવી દેવામાં આવ્યા છે. કન્ટેન્ટ ક્રિએશનના નામે લોકો મંદિર પરિસરમાં પણ રિલ્સ બનાવતા અને ફિલ્મી ગીતો ડાન્સ કરતા નજરે પડે છે. આવું એક નહીં અનેક જગ્યાએ જોવા મળે છે. તિરુપતિ બાલાજી મંદિર પરિસરમાં પણ વિડીયો બનાવવા અને રિલ્સ બનાવવાની મનાઈ છે તેમ છતાં કેટલાક લોકો નિયમને ઈગ્નોર કરીને મંદિરની સામે જ ફિલ્મી ગીતો પર ડાન્સ કરતા વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કરે છે. જે વાતને હવે મંદિર પ્રસાશન એ ગંભીરતાથી લીધી છે અને વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરનાર લોકો વિરોધ પોલીસ ફરિયાદ કરવાની શરૂઆત કરી છે. આ તકે મંદિર ટ્રસ્ટ તરફથી શ્રદ્ધાળુઓને પણ અપીલ કરવામાં આવી છે કે તિરૂપતિ બાલાજી મંદિર પવિત્ર તીર્થ સ્થળ છે, અહીંની ગરિમા અને પવિત્રતા જળવાઈ રહે તેમાં લોકો પણ સહયોગ કરે. જો લોકો પોતાની જવાબદારીનું પાલન નહીં કરે એટલે કે તિરુપતિ બાલાજી મંદિરના નિયમનો ભંગ કરશે તો તેના વિરોધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તિરુપતિ બાલાજી મંદિર વિશ્વભરમાં પ્રખ્યાત મંદિરમાંથી એક છે.

૫૪૩ બ્રાન્ડ્સની કિંમતોમાં સુધારો

૯ નવે.થી કેન્સરની દવાઓના ભાવમાં ઘટાડો લાગુ થશે

નવી દિલ્હી,

કેન્સરની સારવાર લઈ રહેલા દર્દીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા કેન્સરની દવાઓની ૫૪૩ બ્રાન્ડ્સના ભાવમાં સુધારો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આ ઉપરાંત, ૧૩૭ બિન-શેડ્યૂલ્ડ એન્ટી-કેન્સર દવાઓ પર ટ્રેડ માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત કરવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, સુધારેલા ભાવ ૯ નવેમ્બર, ૨૦૨૬થી અમલમાં આવશે. કેન્સરની સારવાર લાંબા સમય સુધી ચાલતી હોવાથી દર્દીઓ અને તેમના પરિવારજનોને દવાઓ પાછળ મોટો ખર્ચ કરવો પડે છે. દવાઓના ભાવમાં ઘટાડાથી સારવારના ખર્ચમાં રાહત મળવાની આશા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, Anarzoleનો ભાવ રૂ. ૬૯૫.૭૬થી ઘટીને રૂ. ૭૩ થયો છે. Azacytin Injectionનો ભાવ રૂ. ૬,૩૩૭થી ઘટીને રૂ. ૧,૪૯૫, Bevacizab Injectionનો ભાવ રૂ. ૨૧,૭૬૭થી ઘટીને રૂ. ૫,૯૩૦, Dasanat ૨૦નો ભાવ રૂ. ૨,૮૧૨થી ઘટીને રૂ. ૧,૦૮૫ અને Enutaનો ભાવ રૂ. ૬,૫૭૮થી ઘટીને રૂ. ૨,૨૩૨ થયો હોવાનું જણાવાયું છે.

NPPA દ્વારા દવાઓના ભાવમાં સુધારો અને ટ્રેડ માર્જિન પર મર્યાદા નક્કી કરવાનો હેતુ દર્દીઓને જરૂરી દવાઓ વાજબી ભાવે ઉપલબ્ધ કરાવવાનો છે. ખાસ કરીને લાંબા સમય સુધી કેન્સરની સારવાર લેતા દર્દીઓ માટે દવાઓના ખર્ચમાં ઘટાડો આર્થિક રાહતરૂપ બની શકે છે. જોકે, તમામ દવાઓના ભાવમાં સમાન પ્રમાણમાં ઘટાડો થયો નથી. દવાની બ્રાન્ડ, સ્ટ્રેન્થ અને પેકિંગ પ્રમાણે કિંમત અલગ હોઈ શકે છે. તેથી દર્દીઓએ દવા ખરીદતાં પહેલાં સુધારેલા ભાવની સત્તાવાર યાદી તપાસવી જરૂરી છે. આ ઉપરાંત, ૧૩૭ બિન-શેડ્યૂલ્ડ એન્ટી-કેન્સર દવાઓ પર ટ્રેડ માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત કરવામાં આવ્યું.

MLCની ૧૨ બેઠકોમાંથી એકેય ન મળી

બેલેટ પેપરથી ચૂંટણી છતાં કોંગ્રેસનો કારમો પરાજય

ભાજપ અને જનતા દળ (સેક્યુલર) એટલે કે JD(S)ના NDA ગઠબંધને ચારેય બેઠકો જીતીને કોંગ્રેસને ઝટકો આપ્યો હતો

નવી દિલ્હી,

ચાર રાજ્યોમાં યોજાયેલી વિધાન પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસને મોટો રાજકીય ફટકો પડ્યો છે. ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને બિહારની કુલ ૨૮ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસે ૧૨ બેઠકો પર ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા.

અહેવાલ મુજબ, કોંગ્રેસને અત્યાર સુધી એકેય બેઠક મળી નથી. ખાસ કરીને કર્ણાટકમાં સત્તામાં હોવા છતાં પક્ષને ચારેય બેઠકો પર હારનો સામનો કરવો પડ્યો છે.

કોંગ્રેસ લાંબા સમયથી દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ બેલેટ પેપરથી યોજવાની માગ કરી રહી છે. ત્યારે બેલેટ પેપરથી યોજાયેલી આ ચૂંટણીમાં પણ પક્ષને સફળતા ન મળતાં રાજકીય ચર્ચા તેજ બની છે. ભાજપે પણ આ પરિણામોને લઈને કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. કર્ણાટક વિધાન પરિષદની ચારેય બેઠકોનાં પરિણામ જાહેર થઈ ગયાં છે. ભાજપ અને જનતા દળ (સેક્યુલર) એટલે કે JD(S)ના NDA ગઠબંધને ચારેય બેઠકો જીતીને કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો છે. આ બેઠકો સ્નાતક અને શિક્ષક મતવિસ્તારોની હતી. ઉત્તર-પૂર્વ શિક્ષક મતવિસ્તારમાં કોંગ્રેસને સૌથી મોટો પરાજય સહન કરવો પડ્યો. આ મતવિસ્તારમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ગૃહ જિલ્લા કલબુર્ગીનો પણ સમાવેશ થાય છે. ભાજપના વર્તમાન વિધાન પરિષદ સભ્ય શશિલ જી. નમોશીએ કોંગ્રેસના ઉમેદવાર શરણપ્પા મત્તૂરને ૩,૨૯૭ મતથી હરાવ્યા હતા. બિહારમાં કોંગ્રેસે પાંચ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા હતા, પરંતુ પક્ષને એકેય બેઠક મળી ન હોવાનું અહેવાલમાં જણાવાયું છે. આમ, બિહારમાં પણ કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. મહારાષ્ટ્રમાં કોંગ્રેસે ત્રણ બેઠકો પર ચૂંટણી લડી હતી. અહેવાલ લખાયો ત્યારે ત્રણેય બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો પાછળ ચાલી રહ્યા હતા અને મતગણતરી ચાલુ હતી. તેથી મહારાષ્ટ્રની બેઠકો અંગે અંતિમ પરિણામની પુષ્ટિ થવી બાકી હતી. કોંગ્રેસની હારને લઈને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રદીપ ભંડારીએ પણ નિશાન સાધ્યું હતું. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે ૨૮ MLC બેઠકોની ચૂંટણી બેલેટ પેપરથી યોજાઈ હોવા છતાં રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસને એકેય બેઠક મળી નથી. આ પરિણામો બાદ કોંગ્રેસની ચૂંટણીલક્ષી વ્યૂહરચના અને વિવિધ રાજ્યોમાં પક્ષના સંગઠન અંગે રાજકીય ચર્ચા તેજ થવાની શક્યતા છે.

તંત્રી લેખ

સુરતના નાગરિકે PGO પોર્ટલ પર નોંધાવી વિચિત્ર ફરિયાદ

સુરતના કતારગામ વિસ્તારમાંથી એક વિચિત્ર ફરિયાદ સામે આવી છે. એક સ્થાનિક નાગરિકે જાહેર ફરિયાદ નિવારણ માટેના પબ્લિક ગ્રીવન્સ ઓનલાઇન (PGO) પોર્ટલ પર રજૂઆત કરતાં આક્ષેપ કર્યો હતો કે કતારગામ વિસ્તાર પરથી પસાર થતાં પેસેન્જર વિમાનોમાંથી કચરો નીચે ફેંકવામાં આવે છે. આ કારણે વિસ્તારમાં ગંદકી ફેલાતી હોવાનો દાવો કરીને ફરિયાદીએ સમગ્ર મામલે તપાસ કરવાની અને જવાબદાર સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી.

સામાન્ય રીતે સરકારી ફરિયાદ પોર્ટલ પર રસ્તા, પાણી, ગટર અને અન્ય નાગરિક સુવિધાઓને લગતી ફરિયાદો નોંધાતી હોય છે. જોકે, આકાશમાંથી વિમાનો દ્વારા કચરો ફેંકાતો હોવાની રજૂઆતને પગલે એરપોર્ટ તંત્રનું ધ્યાન આ તરફ ખેંચાયું હતું. ફરિયાદના જવાબમાં એરપોર્ટ તંત્રએ વિમાનોની કામગીરી અને સુરક્ષા વ્યવસ્થા અંગે સ્પષ્ટતા કરી હતી. તંત્રનો જવાબ તેની સીધી અને રમૂજી રજૂઆતને કારણે ચર્ચાનો વિષય બન્યો હતો. જવાબનો સાર એવો હતો કે વિમાનને કચરાના વાહન સાથે સરખાવી શકાય નહીં અને સામાન્ય ઉડાન દરમિયાન તેની બારીઓ કે દરવાજા ખોલીને કચરો બહાર ફેંકવો શક્ય નથી. આ જવાબ બાદ ફરિયાદની વિચિત્રતા અંગે ચર્ચા શરૂ થઈ હતી. જોકે, ફરિયાદી દ્વારા કચરો પડતો હોવાના આક્ષેપને સમર્થન આપતા કોઈ સ્વતંત્ર પુરાવાની વિગતો ઉપલબ્ધ નથી. સામાન્ય પેસેન્જર વિમાનોમાં મુસાફરો માટેની બારીઓ બંધ અને સુરક્ષિત હોય છે. વિમાનની કેબિનને નિયંત્રિત દબાણ હેઠળ રાખવામાં આવે છે, જ્યારે દરવાજા અને બારીઓ ઉડાન દરમિયાન સુરક્ષિત રીતે બંધ રહે છે. તેથી સામાન્ય ઉડાન દરમિયાન બારી કે દરવાજો ખોલીને કચરો બહાર ફેંકવાની કલ્પના વિમાનની કામગીરી સાથે મેળ ખાતી નથી. વિમાનની અંદર ઉત્પન્ન થતો કચરો સામાન્ય રીતે નિર્ધારિત સંગ્રહ વ્યવસ્થા દ્વારા એકત્ર કરવામાં આવે છે. શૌચાલયના કચરાને પણ ખાસ બંધ ટાંકીમાં રાખવામાં આવે છે અને વિમાન એરપોર્ટ પર ઉતર્યા બાદ નિયત પ્રક્રિયા અનુસાર તેનો નિકાલ કરવામાં આવે છે.

કતારગામની આ ફરિયાદને લઈને એરપોર્ટ સાથે જોડાયેલા વર્તુળોમાં અને સોશિયલ મીડિયા પર રમૂજી ચર્ચા થવાની શક્યતા છે. તંત્રના સ્પષ્ટ જવાબને કારણે પણ આ મામલો ધ્યાન ખેંચી રહ્યો છે. આ ઘટનાએ જાહેર ફરિયાદ પોર્ટલ પર નોંધાતી રજૂઆતોની ચકાસણી અને ફરિયાદના વિષયને યોગ્ય રીતે સમજવાની જરૂરિયાત તરફ ધ્યાન દોર્યું છે. સાથે જ, કોઈ ફરિયાદને આધારે આક્ષેપને સાચો માની લેવાને બદલે સંબંધિત તથ્યો અને પુરાવાના આધારે જ નિષ્કર્ષ પર પહોંચવું જરૂરી છે.

સંરક્ષણ ક્ષેત્રે ભારતનો મોટો નિર્ણય

૨.૧૨ લાખ કરોડના સૈન્ય ખરીદી પ્રસ્તાવોને DACની મંજૂરી

ત્રણેય સૈન્ય દળો માટે શસ્ત્રો, હેલિકોપ્ટર અને ડ્રોન ખરીદાશે, ૮૨ ટકા સાધનો સ્વદેશી હશે

નવી દિલ્હી,

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના અધ્યક્ષપદે સોમવારે મળેલી 'ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ' (DAC)ની બેઠકમાં ત્રણેય સૈન્ય દળો માટે અંદાજે 2.12 લાખ કરોડના મૂડી સંપાદન પ્રસ્તાવોને 'એક્સેપ્ટન્સ ઓફ નેસેસિટી' (AoN) એટલે કે આવશ્યકતા સ્વીકૃતિ મંજૂરી આપવામાં આવી છે. આ કુલ ખરીદીમાંથી લગભગ 82% સાધનસામગ્રી સ્થાનિક ઉદ્યોગો પાસેથી મેળવવામાં આવશે.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મંજૂરીઓમાં આર્મી, નેવી અને એરફોર્સની ઓપરેશનલ ક્ષમતાઓ, ગતિશીલતા અને યુદ્ધ સજ્જતાને મજબૂત કરવાના હેતુથી લશ્કરી પ્લેટફોર્મ્સ, શસ્ત્રો તેમજ સર્વેલન્સ સિસ્ટમ્સની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી છે. ડીએસી દ્વારા સેના માટે હાઈ મોબિલિટી વ્હીકલ્સ , સેલ્ફ-પ્રોપેલ્ડ ટ્રેક્ડ ગન સિસ્ટમ્સ, ગન શોટ રિસ્પોન્સ સિસ્ટમ્સ (GSRS), લાઇટ મલ્ટી-રોલ હેલિકોપ્ટર્સ (LMRH), વેરી શોર્ટ-રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ્સ , પ્લેટફોર્મ-આધારિત કાઉન્ટર-અનમેન્ડ એરિયલ સિસ્ટમ્સ (C-UAS), લોંગ-રેન્જ માનવરહિત એરિયલ સિસ્ટમ્સ, સર્વેલન્સ યુએવી (UAVs), ઇન્ટિગ્રેટેડ સર્વેલન્સ એન્ડ સ્ટ્રાઈક સિસ્ટમ્સ તેમજ લોંગ રેન્જ કામિકાઝી ડ્રોન સિસ્ટમ્સની ખરીદીના પ્રસ્તાવોને મંજૂરી અપાઈ છે.આ હાઈ મોબિલિટી વ્હીકલ્સ દુર્ગમ વિસ્તારોમાં લોજિસ્ટિક્સ અને સૈનિકોની અવરજવરને ઝડપી બનાવશે, જ્યારે સેલ્ફ-પ્રોપેલ્ડ ટ્રેક્ડ ગન સિસ્ટમ્સ સૈન્યને યુદ્ધભૂમિમાં સમાન ગતિશીલતા અને અગ્નિશક્તિ (ફાયરપાવર) આપશે. GSRS રિયલ-ટાઈમ પરિસ્થિતિજન્ય જાગરૂકતા પૂરી પાડીને સેનાની તાકાતમાં વધારો કરશે. આ ઉપરાંત, LMRH હેલિકોપ્ટર્સનો ઉપયોગ આર્મી અને વાયુસેના દ્વારા ગુપ્ત માહિતી એકત્ર કરવા, સર્વેલન્સ, લડાયક કામગીરી, શોધ અને બચાવ (Search and Rescue) તેમજ આપત્તિ રાહત મિશન માટે કરવામાં આવશે. VSHORADS સિસ્ટમ્સ હવાઈ જોખમો સામે લડવાની સેનાની ક્ષમતા વધારશે, જ્યારે પ્લેટફોર્મ-આધારિત C-UAS આધુનિક યુદ્ધભૂમિ પર ટેન્કોની સુરક્ષા વધુ મજબૂત કરશે. વિવિધ સર્વેલન્સ અને ડ્રોન સિસ્ટમ્સ આર્મીની ટાર્ગેટિંગ અને સર્વેલન્સ ક્ષમતાને વધુ ઘાતક બનાવશે. નૌકાદળ માટે કાઉન્સિલે એક્ટિવ ઓફબોર્ડ ડીકોય સિસ્ટમ્સ (AODS) અને અન્ય મહત્વપૂર્ણ નેવલ પ્લેટફોર્મ્સની ખરીદી માટે મંજૂરી આપી છે. AODS સિસ્ટમ નૌકાદળની એન્ટી-મિસાઈલ સંરક્ષણ ક્ષમતાને વધુ સક્ષમ બનાવશે, ખાસ કરીને આધુનિક એન્ટી-શિપ મિસાઈલો સામે તે જહાજોને સુરક્ષા કવચ પૂરું પાડશે. સંપૂર્ણપણે સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્માણ પામનારા આ નેવલ પ્લેટફોર્મ્સમાં આધુનિક યુદ્ધ ક્ષમતાઓ હશે, જે નેવીની એકંદર લડાયક ક્ષમતામાં મોટો વધારો કરશે. વાયુસેનાના હવાઈ સંરક્ષણ અને યુદ્ધ લડવાની ક્ષમતાઓને સુદ્રઢ કરવા માટે હેલિકોપ્ટર્સ, એર ડિફેન્સ સિસ્ટમ્સ, શસ્ત્રો અને મોબાઈલ એક્સ-બેન્ડ ડોપ્લર વેધર રડાર સિસ્ટમ્સની ખરીદીને મંજૂરી આપવામાં આવી છે. સ્પેશિયલ યુટિલિટી હેલિકોપ્ટર્સ વાયુસેનાની હવાઈ પરિવહન જરૂરિયાતોને પૂર્ણ કરશે, જ્યારે એક્સ-બેન્ડ ડોપ્લર વેધર રડાર સિસ્ટમ્સ સરહદી અને સંવેદનશીલ વિસ્તારોમાં હવામાન સંબંધિત સચોટ અને ઉચ્ચ-રિઝોલ્યુશનવાળી માહિતી પૂરી પાડશે.સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ મંજૂરીઓમાં આર્મી, નેવી અને એરફોર્સની ઓપરેશનલ ક્ષમતાઓ, ગતિશીલતા અને યુદ્ધ સજ્જતાને મજબૂત કરવાના હેતુથી લશ્કરી પ્લેટફોર્મ્સ, શસ્ત્રો તેમજ સર્વેલન્સ સિસ્ટમ્સની વિશાળ શ્રેણી આવરી લેવામાં આવી છે.

૨૯ અને ૩૦ ઓક્ટોબરે વરસાદ થવાની શક્યતા

ગુજરાતના હવામાનના પલટાની સાથે ત્રણ દિવસ વરસાદની આગાહી

આ ચક્રવાત ઉત્તર પ્રદેશ સુધી પહોંચી શકે છે અને આગામી બે દિવસમાં ત્યાંના ઘણા શહેરોમાં ભારે વરસાદ લાવી શકે

નવી દિલ્હી

સાયક્લોન અર્નબ દક્ષિણ ભારતમાં લેન્ડફોલ થઈ ગયું છે. હવે આ ચક્રવાત ઉત્તર ભારતમાં ભારે તબાહી મચાવવા માટે આગળ વધી રહ્યું છે. આગામી ૪૮ કલાક ઘણા રાજ્યો માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે; ખાસ કરીને દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને બિહાર જેવા વિસ્તારોમાં અર્નબની સૌથી વધુ અસર જોવા મળવાની પ્રબળ શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ આ ચક્રવાતના સંભવિત માર્ગ વિશે માહિતી આપી છે, જે મુજબ ૨૯ અને ૩૦ ઓક્ટોબરે ભારે વરસાદ થવાની શક્યતા છે. ત્યારે આ ચક્રવાતની અસર ગુજરાત પર પણ પડી શકે છે. ગુજરાતના હવામાનના પલટાની સાથે ત્રણ દિવસ વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે. આ ચક્રવાત ઉત્તર પ્રદેશ સુધી પહોંચી શકે છે અને આગામી બે દિવસમાં ત્યાંના ઘણા શહેરોમાં ભારે વરસાદ લાવી શકે છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશ, દિલ્હી, પૂર્વ અને પશ્ચિમ મધ્ય પ્રદેશ તેમજ પૂર્વ રાજસ્થાનમાં હવામાનની સ્થિતિ અત્યંત પડકારજનક રહેવાની શક્યતા છે. બિહારના કેટલાક ભાગોમાં પણ તેજ પવન સાથે વરસાદ પડી શકે છે. આના પરિણામે તાપમાનમાં અચાનક ઘટાડો થશે અને ઉત્તર-પશ્ચિમ તથા ઉત્તર-પૂર્વના આ રાજ્યોમાં ઠંડીનું પ્રમાણ વધશે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચક્રવાત અર્નબ સંપૂર્ણ તીવ્રતા સાથે આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યું છે. દરિયાકાંઠાના વિસ્તારો હાલમાં વાવાઝોડાના માર્ગમાં છે, જેના કારણે રહેવાસીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવા માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. IMDના અનુમાન મુજબ, આગામી ૪૮ કલાક દરમિયાન આ ચક્રવાત ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધશે. તે બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચેના દરિયાકાંઠાને પાર કરીને મધ્ય પ્રદેશ તરફ અને ત્યારબાદ ઉત્તર પ્રદેશ તથા દિલ્હી તરફ આગળ વધશે. શરૂઆતમાં પવનની ગતિ ૧૧૫ થી ૧૨૫ કિમી પ્રતિ કલાકની વચ્ચે રહેશે, જે ઝાપટાં સ્વરૂપે ૧૪૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. એકવાર જમીન પર ત્રાટકવાનું પૂર્ણ થઈ જાય, પછી સિસ્ટમ મેદાનોમાં જશે અને નબળી પડવાનું શરૂ કરશે.

IMD ના રૂટ મેપ મુજબ, તે દક્ષિણથી ઉત્તરપશ્ચિમ તરફ અને ત્યારબાદ ઉત્તર તરફ આગળ વધશે. તે પહેલા આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના અને આંતરિક જિલ્લાઓમાંથી પસાર થશે, પછી તેલંગાણા અને છત્તીસગઢ તરફ આગળ વધશે. ત્યારબાદ, તે ઉત્તર પ્રદેશની સરહદોમાં પ્રવેશતા પહેલા મધ્યપ્રદેશના ભાગોમાંથી પસાર થશે. મેદાનો સુધી પહોંચતા તે થોડું નબળું પડી શકે છે, તેમ છતાં તે ઘણા શહેરોને અસર કરશે અને ભારે વરસાદ શરૂ કરવાની ક્ષમતા ધરાવે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આગામી ૨૪ કલાક રાજ્યના તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા વ્યક્ત કરવામાં આવી નથી. જોકે, તે બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઘટવાની આગાહી છે.

ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા પાંચ મેચોની શ્રેણીમાંથી બહાર

ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી પહેલાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો

ભારતીય ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા હજુ સુધી હેમસ્ટ્રિંગની ઈજામાંથી સંપૂર્ણપણે સાજો થયો નથી

નવી દિલ્હી,

ભારતીય ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા ન્યુઝીલેન્ડ સામેની આગામી પાંચ વનડે મેચોની શ્રેણીમાં રમશે નહીં. તે હજુ સુધી હેમસ્ટ્રિંગની ઈજામાંથી સંપૂર્ણપણે સાજો થયો નથી. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની વનડે શ્રેણી ૪ નવેમ્બરથી શરૂ થવાની છે. તે હાલમાં સ્વસ્થ થઈ રહ્યો છે અને ૧ તથા ૨ નવેમ્બરે બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે તેની મેચ સિમ્યુલેશન અને ફિટનેસ ટેસ્ટ આપશે. સૂત્રના જણાવ્યા અનુસાર, ટીમ મેનેજમેન્ટ અને પસંદગી સમિતિનું માનવું છે કે પ્રસિદ્ધે વનડેને બદલે ટેસ્ટ ક્રિકેટ માટે સંપૂર્ણ ફિટનેસ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ટેસ્ટ ફોર્મેટમાં તેની વધારે જરૂર છે. જમ્મુ-કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબીને પ્રસિદ્ધ કૃષ્ણાના સ્થાને ભારતીય વડે ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે. લિંકન ખાતે ભારત છ અને ન્યુઝીલેન્ડ છ વચ્ચે રમાયેલી પ્રથમ અનૌપચારિક રેડ-બોલ મેચમાં આકિબે પોતાના પ્રદર્શનથી સૌને પ્રભાવિત કર્યા હતા. હવે એ જોવાનું રહે છે કે પસંદગીકારો પ્રસિદ્ધ કૃષ્ણાના સ્થાને આકિબ નબીને ટીમમાં સામેલ કરશે કે પછી કોઈ અન્ય વિકલ્પ પર વિચાર કરશે. ન્યૂઝીલેન્ડ પ્રવાસની પ્રથમ ત્રણ વનડે માટે ભારતીય ટીમઃ શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કે.એલ. રાહુલ (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, નમન ધીર, અંશુલ કંબોજ, ગુરનૂર બ્રાર, ઋતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, ઈશાન કિશન (વિકેટકીપર), મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવ. ન્યૂઝીલેન્ડ પ્રવાસની છેલ્લી બે વનડે માટે ભારતીય ટીમઃ શ્રેયસ અય્યર (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, તિલક વર્મા, ઈશાન કિશન (વિકેટકીપર અને વાઈસ-કેપ્ટન), નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, નમન ધીર, આકિબ નબી, ગુરનૂર બ્રાર, ઋતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, કુમાર કુશાગ્ર (વિકેટકીપર), મોહમ્મદ સિરાજ, યશ ઠાકુર અને કુલદીપ યાદવ. ટેસ્ટ શ્રેણી માટેની ભારતીય ટીમઃ શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ (વાઈસ-કેપ્ટન), દેવદત્ત પડિકલ, ઋષભ પંત (વિકેટકીપર)*, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, અંશુલ કંબોજ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ કૃષ્ણા, આકાશ દીપ, સાઈ સુદર્શન, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ અને મોહમ્મદ સિરાજ.

CJIએ કહ્યું- તેનાથી મુખ્ય કેસોમાં વિલંબ થશે

દરેક અટકેલા હાઉસિંગ પ્રોજેક્ટ માટે સુપ્રીમ કોર્ટ મંચ બની શકે નહીં

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે અટકેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના ઘર ખરીદદારો દ્વારા સતત દાખલ કરવામાં આવી રહેલી અરજીઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જો દરેક હાઉસિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલા મામલાની અલગ-અલગ સુનાવણી શરૂ કરવામાં આવશે, તો મુખ્ય કેસમાં આખરી ચુકાદો આપવો મુશ્કેલ બની જશે. જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ નોંધ્યું કે, ભારતમાં દરેક સમસ્યાગ્રસ્ત હાઉસિંગ પ્રોજેક્ટ માટે સુપ્રીમ કોર્ટ એક પ્લેટફોર્મ બની શકે નહીં. કોર્ટે એ પણ ઉમેર્યું કે, મુખ્ય કેસ પર આવનારો નિર્ણય આવા જ વિવાદો ઉકેલી રહેલી હાઈકોર્ટ માટે દિશા-નિર્દેશનું કામ કરશે. સુનાવણી દરમિયાન એક અરજદારના વકીલે દલીલ કરી હતી કે, જે પ્રોજેક્ટ્સની વાત થઈ રહી છે, તે હાલમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારાધીન મુખ્ય કેસનો ભાગ નથી અને ઘર ખરીદદારોને રાહત મળી રહી નથી. તેના પર ઝત્રેં સૂર્યકાંત એ કહ્યું કે, જો એક પ્રોજેક્ટના ખરીદદારો સુપ્રીમ કોર્ટ પહોંચશે, તો તે જ પ્રોજેક્ટ સાથે જોડાયેલા બીજા ૨૦૦ લોકો પણ અરજી લઈને આવી શકે છે, જેનાથી સુનાવણીની પ્રક્રિયા ક્યારેય પૂરી થશે નહીં. સુપ્રીમ કોર્ટે અટકેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના ઘર ખરીદદારોની સતત અરજીઓ પર ચિંતા વ્યક્ત કરી છે. અરજદારોને મુખ્ય કેસના ચુકાદાની રાહ જોવા અથવા સંબંધિત હાઈકોર્ટનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. ઝત્રેં એ કહ્યું કે, સુપ્રીમ કોર્ટ કોઈપણ મામલે આખરી અભિપ્રાય આપે તે પછી હાઈકોર્ટો તેનાથી અલગ વલણ અપનાવી શકતી નથી. તેથી મુખ્ય નિર્ણય આવ્યા પછી પણ અરજદારો પાસે કાનૂની રાહત મેળવવાના વિકલ્પો ખુલ્લા રહેશે.

એશિયન ગેમ્સમાં ૩ ગોલ્ડ મેડલ જીત્યા હતા

પેરા એથલીટ નીરજ યાદવે ૪૨ વર્ષની વયે જીવન ટૂંકાવ્યું

ડોપિંગ બેન બાદ તેઓ ભારે માનસિક તણાવમા હતા

નવી દિલ્હી,

ભારતીય ખેલ જગતમાંથી એક અત્યંત ચોંકાવનારા અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. એશિયન પેરા ગેમ્સમાં ભારતને ૩ વાર ગોલ્ડ મેડલ અપાવનાર ૪૨ વર્ષીય પેરા એથલીટ નીરજ યાદવે આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી લીધું છે.

મળતી વિગતો અનુસાર, તેમણે કોઈ ઝેરી પદાર્થ ખાઈ લીધો હોવાની શંકા સેવાઈ રહી છે. હાલ દિલ્હીની જીટીબી હોસ્પિટલમાં તેમના પંચનામા અને પોસ્ટમોર્ટમની પ્રક્રિયા ચાલી રહી છે, જ્યાં અન્ય પેરા એથલીટો પણ ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય પેરા એથલીટિક્સ ટીમના હેડ કોચ એસ. સત્યનારાયણે આ ઘટનાની પુષ્ટિ કરતા તેને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી.

ઉત્તર પ્રદેશના નિવાસી નીરજ યાદવ ૭ વર્ષની ઉંમરે પોલિયોનો ભોગ બન્યા હતા. તેમ છતાં, ૬ વર્ષ સુધી વ્હીલચેર ટેનિસ રમ્યા બાદ ૨૦૧૫થી તેમણે પેરા એથલેટિક્સમાં સફળ કારકિર્દી બનાવી હતી. તેમણે ૨૦૧૮ની જકાર્તા એશિયન પેરા ગેમ્સમાં જેવલિન થ્રોમાં અને ૨૦૨૩ની હાંગઝોઉ ગેમ્સમાં જેવલિન તથા ડિસ્કસ થ્રોમાં મળીને કુલ ૩ ગોલ્ડ મેડલ દેશને અપાવ્યા હતા. ૨૦૧૮માં ગોલ્ડ મેડલ જીત્યા બાદ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત પણ કરી હતી.

પરંતુ ઓક્ટોબર ૨૦૨૩માં નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી (NADA) ની તપાસ દરમિયાન એનાબોલિક સ્ટેરોઈડ (સ્ટેનોજોલોલ) માટે તેમનું સેમ્પલ પોઝિટિવ આવતા તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ કારણોસર તેઓ આ મહિને આઈચી નાગોયા એશિયન પેરા ગેમ્સમાં ભાગ લઈ શક્યા ન હતા. ડોપિંગ બેન બાદ તેઓ ભારે માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા હોવાનું કહેવાય છે, જોકે તેમના અંતિમ પગલાનું સટીક કારણ હજુ જાણી શકાયું નથી.

ઉત્તર પ્રદેશના રહીશ નીરજ યાદવ ભારતના જાણીતા પેરા એથલીટ્સમાંથી એક હતા. સાત વર્ષની ઉંમરે પોસ્ટ પોલીયો રેસિડુઅલ પેરાલિસિસની જાણ થયા બાદ પણ તેમણે પોતાના સપના પૂરા કર્યા અને પેરા ખેલોમાં ભારતનું સફળ પ્રતિનિધિત્વ કર્યું. પેરા એથલેટિક્સમાં આવતા પહેલા તેઓ લગભગ ૬ વર્ષ સુધી ૨૦૦૫થી ૨૦૧૨ વચ્ચે વ્હીલચેર ટેનિસ રમતા હતા. ત્યારબાદ પેરા એથલેટિક્સમાં આવ્યા અને ૨૦૧૫માં તેમને મોટી સફળતા મળી હતી. તેઓ દિલ્હી સ્ટેટ એથલેટિક્સ મીટમાં શોટ પુટ, જેવલીન અને ડિસ્કસ થ્રો ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા. ત્યારબાદ વિશ્વ પટલ પર પણ તેમણે પોતાનો દમ દેખાડ્યો.

CEC જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી

INDIA બ્લોકની મહારેલીને કોકરોચ જનતા પાર્ટીનું સમર્થન

કોકરોચ જનતા પાર્ટીએ ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં INDIA બ્લોકની મહારેલીને સમર્થન આપ્યું

નવી દિલ્હી,

કોકરોચ જનતા પાર્ટીએ ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી 'INDIA' બ્લોકની મહારેલીને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. સીજેપી તરફથી જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, લોકશાહીનો મૂળ સિદ્ધાંત એ છે કે, જનતા પોતાની સરકાર ચૂંટે છે, નહીં કે સરકાર પોતાના મતદાતાઓને ચૂંટે. પાર્ટીએ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIR પ્રક્રિયા દ્વારા આ સિદ્ધાંતને નબળો પાડવાનો આરોપ લગાવતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરી છે.

કોકરોચ જનતા પાર્ટીએ જણાવ્યું કે, જ્ઞાનેશ કુમારે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓની દેખરેખ માટે જરૂરી વિશ્વાસ ગુમાવી દીધો છે. પંચની વિશ્વસનીયતા અને સ્વાયત્તતા પુનઃસ્થાપિત કરવા માટે તેમનું રાજીનામું અત્યંત જરૂરી છે. પાર્ટીએ બંધારણના ઘડવૈયા ડૉ. બી.આર. આંબેડકરનો ઉલ્લેખ કરતા કહ્યું કે, દરેક પુખ્ત નાગરિકને સમાન મતાધિકાર આપવામાં આવ્યો છે. વર્તમાન SIR પ્રક્રિયાને કારણે મતદાર યાદીમાંથી યોગ્ય નાગરિકોના નામ કમી થવાની ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. દિલ્હી પોલીસે કોંગ્રેસને ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં એક દિવસીય રેલી આયોજિત કરવા માટે NOC આપી દીધું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અગાઉ આ રેલીની જાહેરાત કરી હતી. ૧ નવેમ્બરની આ રેલીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવાની માગ ઉઠાવવામાં આવશે. કોંગ્રેસને આ વિરોધ પ્રદર્શનમાં આશરે ૧૦ લાખ લોકો સામેલ થવાની અપેક્ષા છે.

ઉત્તર પ્રદેશ MLC ચૂંટણીમાં સપાનું શાનદાર પ્રદર્શન

વારાણસી અને આગ્રા શિક્ષક બેઠક પર સપાના ઉમેદવારોની જીત

વારાણસી,

ઉત્તર પ્રદેશ વિધાન પરિષદ (એમએલસી) ની ચૂંટણીના પરિણામોમાં સમાજવાદી પાર્ટીએ (SP) ઉત્સાહવર્ધક પ્રદર્શન કરીને પોતાની તાકાતમાં મોટો વધારો કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર ગણાતા વારાણસીમાં જ ભાજપને મોટો રાજકીય ઝટકો લાગ્યો છે. વારાણસી શિક્ષક બેઠક પરથી સપાના ઉમેદવાર લાલ બિહારી યાદવ અને આગ્રા શિક્ષક બેઠક પરથી ડૉ. આકાશ અગ્રવાલે શાનદાર વિજય મેળવ્યો છે. આ ઉપરાંત અલ્હાબાદ-ઝાંસી, વારાણસી અને લખનૌ સ્નાતક બેઠકો પર પણ સપાના ઉમેદવારો મજબૂત સરસાઈ ભોગવી રહ્યા છે.

વર્ષ ૨૦૨૦માં યોજાયેલી એમએલસી ચૂંટણીની સરખામણીએ આ વખતે સપાએ પોતાની અગાઉની ૩ બેઠકો જાળવી રાખવાની સાથોસાથ વધુ ૨ બેઠકો પોતાના ખાતામાં ઉમેરી છે. સપા પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવની વિશેષ રણનીતિ આ ચૂંટણીમાં અત્યંત સફળ સાબિત થઈ છે. જોકે, મતગણતરી દરમિયાન ભારે હાઈવોલ્ટેજ ડ્રામા પણ જોવા મળ્યો હતો. આગ્રામાં સપાના ઉમેદવાર આકાશ અગ્રવાલ સાથે થયેલી કથિત મારામારીનો વીડિયો મંગળવાર અને બુધવારની મધ્યરાત્રિએ ૨:૦૦ વાગ્યે સોશિયલ મીડિયા પર શેર કરીને અખિલેશ યાદવે ચૂંટણી પંચ સમક્ષ તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની કડક માંગ કરી હતી. અખિલેશ યાદવે ભાજપ પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મતગણતરીમાં ગરબડ અને ષડયંત્ર રચીને સપાના ઉમેદવારોને હરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. શિક્ષકોના અપમાનનો મુદ્દો ઉઠાવતા તેમણે ચેતવણી આપી હતી કે રાજયનો શિક્ષક વર્ગ આ પ્રકારના વ્યવહારને ક્યારેય માફ નહીં કરે.

અભિષેક શર્મા T20 ફોર્મેટમાં ધાક જમાવી ચૂક્યો છે

અભિષેક શર્માને વનડે ટીમમાં લાવવાની ઊઠી માંગ

પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે અભિષેક શર્માની જોરદાર પ્રશંસા કરતા તેમને વનડે ક્રિકેટમાં તક આપવાની વાત કરી

નવી દિલ્હી,

ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે અભિષેક શર્માની જોરદાર પ્રશંસા કરતા તેમને વનડે ક્રિકેટમાં તક આપવાની વકાલત કરી છે. કૈફનું માનવું છે કે અભિષેક હવે માત્ર T20 ક્રિકેટના બેટ્સમેન નથી રહ્યો, પરંતુ વનડે ક્રિકેટમાં પણ પોતાની આક્રમક બેટિંગથી ભારતને શાનદાર શરૂઆત અપાવવાની ક્ષમતા ધરાવે છે. આ સિવાય કૈફે યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની માનસિક મજબૂતીની પણ પ્રશંસા કરી છે. ભારતીય ક્રિકેટ ટીમના વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેન અભિષેક શર્માએ ન્યુઝીલેન્ડ સામે પોતાની સદીની ઈનિંગ્સથી ફરી એકવાર સાબિત કરી દીધું છે કે તે કોઈ પણ બોલિંગ આક્રમણને ધ્વસ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. ભારતીય ટીમના પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે પોતાની યુટ્યુબ ચેનલ પર અભિષેકની બેટિંગની જોરદાર પ્રશંસા કરી અને કહ્યું કે હવે સમય આવી ગયો છે જ્યારે પસંદગીકારોએ અભિષેક શર્માના નામ પર વનડે ક્રિકેટ માટે પણ ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. મોહમ્મદ કૈફે કહ્યું કે થોડા સમય પહેલા સુધી અભિષેક શર્માની બેટિંગને લઈને સવાલો ઉઠાવવામાં આવતા હતા. ઘણા લોકોનું માનવું હતું કે અભિષેક માત્ર ફ્લેટ વિકેટ પર જ રન બનાવી શકે છે, જ્યાં બોલ બેટ પર સરળતાથી આવે છે. પરંતુ ન્યુઝીલેન્ડ સામે તેની સદીની ઈનિંગ્સે આવા તમામ સવાલોના જવાબ આપી દીધા છે. કૈફના જણાવ્યા અનુસાર, અભિષેક શર્માએ બતાવી દીધું છે કે તે માત્ર અનુકૂળ પરિસ્થિતિઓમાં રન બનાવવા વાળો બેટ્સમેન નથી. તેમની પાસે આક્રમક બેટિંગ કરવાની જબરદસ્ત ક્ષમતા છે અને તે પોતાના દમ પર મેચની સ્થિતિ બદલી શકે છે. કૈફે કહ્યું કે જ્યારે પણ અભિષેક શર્માનું બેટ ચાલે છે, તો એક વાત લગભગ નક્કી થઈ જાય છે કે ભારતીય ટીમ ૨૦૦ થી વધુનો સ્કોર બનાવવાની સ્થિતિમાં પહોંચી જાય છે. અભિષેક શરૂઆતથી જ વિરોધી બોલરો પર દબાણ બનાવી દે છે, જેનો ફાયદો બીજા બેટ્સમેનોને પણ મળે છે. મોહમ્મદ કૈફે અભિષેક શર્માના T20 કરિયરનો ઉલ્લેખ કરતા કહ્યું કે લગભગ ૭૦ T20 આંતરરાષ્ટ્રીય મેચોમાં ચાર સદી ફટકારવી પોતાનામાં જ મોટી સિદ્ધિ છે.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

ચક્રવાત અર્નબથી ઓડિશા-આંધ્રપ્રદેશમાં ભારે તબાહી

અર્નબનો કહેર: ૧૫૦ કિમીની ઝડપે પવન, ભારે વરસાદથી દરિયાકાંઠે તબાહી

કાકીનાડા નજીક લેન્ડફોલ બાદ અનેક જિલ્લાઓમાં જળબંબાકાર, ૮૪ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા

વિશાખાપટ્ટનમ,

ભયાનક વાવાઝોડું અર્નબ આખરે ભારતના બે મોટા રાજ્યોના દરિયાકાંઠે લેન્ડફોલ કરી ગયું. મંગળવારે મોડી રાતે દોઢ વાગ્યાની આસપાસ આ વાવાઝોડું ત્રાટકતાં ૧૫૦ કિ.મી.ની ઝડપે તોફાની પવન સાથે ભારે વરસાદ ખાબક્યો હતો. ભારતીય હવામાન વિભગના અહેવાલ અનુસાર અનેક રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.ચક્રવાત 'અર્નબ' ના કારણે વિશાખાપટ્ટનમના આર.કે. બીચ પર ભયાનક મોજાં અને ઝડપી પવનો જોવા મળી રહ્યા છે. વાવાઝોડાના કારણે અનકાપલ્લી, કાકીનાડા, કોનસીમા, પૂર્વ ગોદાવરી અને પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં ૧૦૦ મિલીમીટરથી વધુ ભારે વરસાદ નોંધાયો છે. વિશાખાપટ્ટનમમાં સેંકડો વૃક્ષો અને વીજળીના થાંભલા ધરાશાયી થતાં માર્ગ વ્યવહાર ખોરવાયો છે. અનેક ઘરોની દીવાલો અને છતોને ભારે નુકસાન પહોંચ્યું છે.ભારતીય મોસમ વિભાગ ના તાજેતરના બુલેટિન મુજબ, 'અર્નબ' વાવાઝોડું અપેક્ષા કરતાં વધુ ઝડપથી પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાંથી આગળ વધીને આંધ્રના તટ પર ત્રાટક્યું હતું. લૅન્ડફોલની પ્રક્રિયા ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ની વહેલી સવારે આશરે ૦૧:૨૦ વાગ્યે બાપટલાથી વિશાખાપટ્ટનમ વચ્ચે સ્થિત યનમ દક્ષિણે કાકીનાડા નજીક શરૂ થઈ ગઈ હતી.પવનની ગતિઃ લૅન્ડફોલ સમયે

પવનની સતત ઝડપ ૧૨૫ થી ૧૩૫ કિમી/કલાક રહી હતી, જે એક ઝટકામાં ૧૫૦ કિમી/કલાક ની ભયાનક સપાટીએ પહોંચી ગઈ હતી.ઉંચા મોજાંઃ દરિયામાં ૧.૫ થી ૨.૫ મીટર સુધીની તીવ્ર તુફાની લહેરો ઉછળી રહી છે, જ્યારે ગોદાવરી નદીના મુખ પાસે ૨ થી ૩.૫ મીટર ઉંચા મોજાં ઉછળવાની ભીતિ છે.ઓડિશામાં અસરઃ આંધ્રપ્રદેશ ઉપરાંત દક્ષિણ ઓડિશાના તટીય જિલ્લાઓમાં પણ ભારે પવન સાથે ભયાનક વરસાદ ચાલુ છે.સ્થાનિક તંત્ર અને પ્રશાસન દ્વારા તટીય વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૮૪૦૦૦ થી વધુ લોકોને સુરક્ષિત રીતે ખસેડીને રેસ્ક્યૂ શેલ્ટરમાં રાખવામાં આવ્યા હતા. લૅન્ડફોલની પ્રક્રિયા કલાકો સુધી ચાલુ રહેવાની શક્યતા હોવાથી કાકીનાડા, યનમ અને નરસપુર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં લોકોને ઘરોમાં જ રહેવાની સૂચના આપવામાં આવી હતી.વિશાખાપટ્ટનમમાં સેંકડો વૃક્ષો અને વીજળીના થાંભલા ધરાશાયી થતાં માર્ગ વ્યવહાર ખોરવાયો છે. અનેક ઘરોની દીવાલો અને છતોને ભારે નુકસાન પહોંચ્યું છે.

મોદી સરકારની વધુ એક ટ્રેડ ડીલની તૈયારી

ભારત અને મેક્સિકો વચ્ચે વેપાર કરારની વાટાઘાટો શરૂ

દ્વિપક્ષીય વેપાર અને રોકાણને વેગ મળવાની સાથે ભારતીય ઉદ્યોગો માટે મેક્સિકોના બજારમાં નવી તકો ઊભી થઈ શકે છે

નવી દિલ્હી,

ભારતે આંતરરાષ્ટ્રીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. ભારત અને મેક્સિકો વચ્ચે પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ **(PTA)** માટે વાટાઘાટો શરૂ થઈ છે. બંને દેશોએ આ વેપાર કરાર અંગેની ચર્ચા આગળ વધારવા માટે ટર્મ્સ ઑફ રેફરન્સ **(ToR)** પર હસ્તાક્ષર કર્યા છે. આ સંભવિત કરારથી દ્વિપક્ષીય વેપાર અને રોકાણને વેગ મળવાની સાથે ભારતીય ઉદ્યોગો માટે મેક્સિકોના બજારમાં નવી તકો ઊભી થઈ શકે છે. ભારત અને મેક્સિકો પોતાના આર્થિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માગે છે. પ્રસ્તાવિત પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ બંને દેશો વચ્ચે પસંદગીની વસ્તુઓ પર વેપારની શરતો વધુ અનુકૂળ બનાવવાની દિશામાં ચર્ચા થશે. આ કરારનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે માલસામાનની હેરફેર સરળ બનાવવાનો, વેપાર સંબંધિત અવરોધો ઘટાડવાનો અને વ્યવસાયોને નવી તકો પૂરી પાડવાનો છે. જોકે, હાલ વાટાઘાટો પ્રારંભિક તબક્કામાં છે અને કરારની અંતિમ શરતો હજી નક્કી થઈ નથી. ભારત અને મેક્સિકો વચ્ચેના પ્રસ્તાવિત વેપાર કરારમાં અનેક મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી શકે છે. ઓટોમોબાઈલઃ વાહનો અને ઓટો પાર્ટ્સના વેપારને પ્રોત્સાહન મળી શકે છે. ફાર્માસ્યુટિકલ્સઃ ભારતીય દવા ઉત્પાદકો માટે મેક્સિકોના બજારમાં વિસ્તરણની તકો ઊભી થઈ શકે છે. ઈલેક્ટ્રોનિક્સઃ ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં સહયોગ વધી શકે છે. કેમિકલ્સઃ ઔદ્યોગિક રસાયણોના વેપારને વેગ મળી શકે છે. કૃષિ અને ફૂડ પ્રોડક્ટ્સઃ કૃષિ પેદાશો તથા ખાદ્ય ઉત્પાદનોના વેપાર માટે નવી તકો ઊભી થઈ શકે છે.ઊર્જા અને મહત્ત્વપૂર્ણ ખનિજોઃ ઊર્જા સુરક્ષા અને ઔદ્યોગિક પુરવઠા માટે બંને દેશો વચ્ચે સહયોગ વધી શકે છે. મેડિકલ ડિવાઈસઃ તબીબી સાધનોના ઉત્પાદન અને વેપારમાં ભાગીદારી મજબૂત બની શકે છે. આ ઉપરાંત, કસ્ટમ્સ પ્રક્રિયા, બજારમાં પ્રવેશ, વેપારને સરળ બનાવવાના નિયમો, ટેકનિકલ અવરોધો અને વેપાર સંબંધિત વિવાદોના નિરાકરણ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા થવાની છે. ભારત-મેક્સિકો વેપાર કરારની આ પહેલને જૂન ૨૦૨૫માં કેનેડામાં યોજાયેલી **G7** સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મેક્સિકોનાં રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેઈનબામ વચ્ચે થયેલી બેઠક સાથે જોડવામાં આવી રહી છે.

તે સમયે બંને નેતાઓએ ભારત અને મેક્સિકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની દિશામાં સહમતી વ્યક્ત કરી હતી. ત્યારબાદ બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે વેપાર અને રોકાણ વધારવાની શક્યતાઓ અંગે ચર્ચા આગળ વધી હતી. ભારતના વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલની મુલાકાત દરમિયાન પણ બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ વધારવા અને વેપારની નવી તકો શોધવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

IT શેરોમાં ભારે વેચવાલી

શેરબજારમાં કડાકોઃ સેન્સેક્સ ૫૫૩ પોઈન્ટ તૂટ્યો, નિફ્ટી ૨૨,૭૦૦ની નીચે બંધ

મુંબઈ,

ભારતીય શેરબજારમાં બુધવારે ઘટાડા સાથે કારોબાર પૂર્ણ થયો હતો. વૈશ્વિક બજારોના નબળા સંકેતો, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને **IT** ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલીને કારણે રોકાણકારોનો ઉત્સાહ ઠંડો પડ્યો હતો. જોકે, દિવસ દરમિયાન નીચલા સ્તરે ખરીદી નીકળતાં સેન્સેક્સ અને નિફ્ટીએ પોતાના દિવસના નીચલા સ્તરેથી થોડી રિકવરી નોંધાવી હતી. **BSE** સેન્સેક્સ ૩૫૨.૬૪ પોઈન્ટ એટલે કે ૦.૪૮ ટકા ઘટીને ૭૩,૨૪૬.૦૩ પર બંધ થયો હતો. જ્યારે **NSE** નિફ્ટી ૫૦ ૫૦.૯૦ પોઈન્ટ એટલે કે ૦.૨૨ ટકા ઘટીને ૨૨,૬૯૮.૮૫ પર સ્થિર થયો હતો. આમ, નિફ્ટી ફરી ૨૨,૭૦૦ની સપાટી નીચે બંધ રહ્યો હતો. બુધવારના કારોબારમાં **IT** અને ઓઈલ-ગેસ ક્ષેત્રના શેરો પર સૌથી વધુ દબાણ જોવા મળ્યું હતું. અમેરિકાના ફેડરલ રિઝર્વના વ્યાજદર અંગેના નિર્ણય પહેલાં રોકાણકારો સાવચેતી રાખી રહ્યા હતા. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા રહેતાં ભારતીય શેરબજારના સેન્ટિમેન્ટ પર અસર પડી હતી. નિફ્ટી **IT** અને નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ સૂચકાંકોમાં ઘટાડો નોંધાયો હતો. ઈન્ફોસિસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, **ONGC** અને ટેક મહિન્દ્રા જેવા શેરોમાં વેચવાલી જોવા મળી હતી. બજારમાં ઘટાડા વચ્ચે કેટલાક શેરોએ સારો દેખાવ કર્યો હતો. સપ્ટેમ્બર ક્વાર્ટરનાં મજબૂત પરિણામો બાદ લાર્સન એન્ડ ટુબ્રો **(L&T)**ના શેરમાં તેજી જોવા મળી હતી. અપોલો હોસ્પિટલ્સ, ટ્રેન્ટ અને ઈન્ડિગો જેવા શેરો પણ વધારા સાથે બંધ થયા હતા. આ ઉપરાંત, ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને મીડિયા ક્ષેત્રના શેરોમાં ખરીદી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ શેરોએ પણ મુખ્ય સૂચકાંકોની સરખામણીએ સારો દેખાવ કર્યો હતો. બજારના કારોબારમાં **Jio Platforms**નું લિસ્ટિંગ પણ ચર્ચાનો વિષય રહ્યું હતું. અહેવાલો અનુસાર, કંપનીના શેર ઈશ્યૂ પ્રાઈસ કરતાં આશરે ૨૧ ટકા પ્રીમિયમ પર લિસ્ટ થયા હતા. જોકે, મુખ્ય સૂચકાંકોમાં ઘટાડાને કારણે બજારમાં મિશ્ર માહોલ જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં અમેરિકાના ફેડરલ રિઝર્વની નીતિ, ક્રૂડ ઓઈલના ભાવ, વિદેશી રોકાણકારોની લેવાલી અને કંપનીઓનાં ત્રિમાસિક પરિણામો બજારની દિશા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ રહેશે. ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા રહે તો ભારતના આયાત ખર્ચ અને મોંઘવારી પર દબાણ વધી શકે છે. બીજી તરફ, કંપનીઓનાં મજબૂત પરિણામો અને સ્થાનિક રોકાણકારોની ખરીદી બજારને ટેકો આપી શકે છે.

રશિયા-યુક્રેન વચ્ચે સીઝફાયર અમલમાં

મેલાનિયા ટ્રમ્પની મધ્યસ્થીથી માનવતાવાદી રાહતનો માર્ગ ખૂલ્યો

યુક્રેનના દક્ષિણ ભાગમાં આવેલા ખેરસોન ક્ષેત્રના ઓલેશ્કી શહેરમાં ૨૭ ઓક્ટોબરથી સ્થાનિક સ્તરે કામચલાઉ સીઝફાયર

વોશિંગ્ટન,

રશિયા અને યુક્રેન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન રાહતના સમાચાર સામે આવ્યા છે. યુક્રેનના દક્ષિણ ભાગમાં આવેલા ખેરસોન ક્ષેત્રના ઓલેશ્કી શહેરમાં ૨૭ ઓક્ટોબરથી સ્થાનિક સ્તરે કામચલાઉ સીઝફાયર અમલમાં આવ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં પત્ની અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર આ અંગે જાણકારી આપી હતી. તેમના જણાવ્યા અનુસાર, સીઝફાયરનો વિસ્તાર ઓલેશ્કીથી આગળ વધારીને ખેરસોન ક્ષેત્રના અન્ય વિસ્તારો સુધી વિસ્તૃત કરવામાં આવ્યો છે. વ્હાઈટ હાઉસે અગાઉ જાહેરાત કરી હતી કે મેલાનિયા ટ્રમ્પની મધ્યસ્થીથી રશિયા અને યુક્રેન વચ્ચે ઓલેશ્કી શહેર માટે કામચલાઉ સીઝફાયર અંગે સમજૂતી થઈ છે. શરૂઆતમાં આ સમજૂતી ૨૯ ઓક્ટોબરથી અમલમાં આવવાની હતી, પરંતુ નાગરિકોની સુરક્ષા અને માનવતાવાદી સહાય ઝડપથી પહોંચાડી શકાય તે માટે તેને બે દિવસ વહેલી અમલમાં મૂકવામાં આવી હતી. આ સમજૂતીનો મુખ્ય હેતુ યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં રાહત સામગ્રી પહોંચાડવાનો અને ત્યાં ફસાયેલા નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢવાનો છે. આ માટે બંને દેશો વચ્ચે નિર્ધારિત સુરક્ષિત માર્ગો અને માનવતાવાદી સહાયની વ્યવસ્થા અંગે સંકલન કરવામાં આવ્યું છે. યુક્રેનના ખેરસોન ક્ષેત્રમાં આવેલું ઓલેશ્કી શહેર રશિયાના નિયંત્રણ હેઠળ છે. યુદ્ધ અને સતત હુમલાઓને કારણે અહીંના નાગરિકો માટે ખોરાક, દવાઓ અને સ્વચ્છ પાણી મેળવવું મુશ્કેલ બન્યું છે. અહેવાલો અનુસાર, શહેરમાં અંદાજે ૧,૭૦૦થી ૨,૦૦૦ લોકો હજુ પણ ફસાયેલા છે. તેમાં મોટી સંખ્યામાં વૃદ્ધોનો સમાવેશ થાય છે. સીઝફાયરથી રાહત સામગ્રી પહોંચાડવા અને શહેર છોડવા ઈચ્છતા નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી સરળ બનવાની આશા છે. મેલાનિયા ટ્રમ્પે ૨૭ ઓક્ટોબરે **X** પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે સીઝફાયરનો વિસ્તાર ઓલેશ્કીથી આગળ વધારવામાં આવ્યો છે, જેથી ખેરસોન ક્ષેત્રમાં માનવતાવાદી સહાય લઈને જતા કાફલાઓને સુરક્ષિત માર્ગ મળી શકે. યુક્રેનના અધિકારીઓ અને રશિયાના સંરક્ષણ મંત્રાલય તરફથી પણ સીઝફાયર અમલમાં આવવા અંગે માહિતી આપવામાં આવી હતી. જોકે, આ સમજૂતી સમગ્ર રશિયા-યુક્રેન યુદ્ધ માટે નહીં, પરંતુ ચોક્કસ વિસ્તાર અને માનવતાવાદી કામગીરી પૂરતી મર્યાદિત છે. અન્ય વિસ્તારોમાં લડાઈ ચાલુ હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. રશિયા અને યુક્રેન વચ્ચેના સંઘર્ષમાં આ સ્થાનિક સીઝફાયર નાગરિકોની સુરક્ષા અને રાહત કામગીરીની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જોકે, આ સમજૂતીથી બંને દેશો વચ્ચેનું વ્યાપક યુદ્ધ સમાપ્ત થયું નથી.

ટાટા ગ્રૂપમાં ચેરમેન પદે ખેંચતાણ વધી

ચંદ્રશેખરણના પુનઃનિયુક્તિ નિર્ણય સામે નોએલ ટાટાએ વાંધો ઉઠાવ્યો

બોર્ડ મીટિંગના એજન્ડા અને વોટિંગ પ્રક્રિયા સામે સવાલ, ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સ વચ્ચે મતભેદો ઘેરા બન્યા

નવી દિલ્હી,

ટાટા ગ્રૂપમાં ચેરમેનની નિમણૂકને લઈને ખેંચાણ ફરી એકવાર વધી ગયું છે. ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ એન. ચંદ્રશેખરણને ટાટા સન્સના આગામી ૫ વર્ષ માટે ચેરમેન જાળવી રાખવાના નિર્ણયને પડકાર્યો છે. તેમણે આ નિમણૂકને નિયમો વિરુદ્ધ ગણાવતા બોર્ડ મીટિંગની વગર એડિટ કરેલી વીડિયો રેકોર્ડિંગ પણ માગી છે. આનાથી દેશના સૌથી મોટા વેપારી જૂથોમાં સામેલ ટાટા ગ્રૂપની અંદર નેતૃત્વ અને કૉર્પોરેટ ગવર્નન્સને લઈને મતભેદો ખુલ્લીને સામે આવી ગયા છે.મીડિયા રિપોર્ટ મુજબ, નોએલ ટાટાએ ટાટા સન્સના કંપની સેક્રેટરી સુપ્રકાશ મુખોપાધ્યાયને પત્ર લખીને ૧૭ સપ્ટેમ્બરની બોર્ડ મીટિંગમાં લેવાયેલા નિર્ણય પર સવાલો ઉઠાવ્યા છે. જ્યારે સૂત્રોના હવાલેથી જણાવ્યું છે કે, નોએલે પાંચ વર્ષ માટેની પુનઃનિમણૂકને અમાન્ય ગણાવી છે. તેમણે ઘણા કારણો ગણાવ્યા છે, જેમાં મીટિંગની નોટિસ અને એજન્ડા પણ સામેલ છે.નોએલ ટાટાનું કહેવું છે કે, ચંદ્રશેખરણની પુનઃનિમણૂકનો પ્રસ્તાવ મીટિંગના નક્કી કરેલા એજન્ડામાં સામેલ નહોતો. તેમના મતે, બેઠકમાં નૉમિનેશન એન્ડ રેમ્યુનરેશન કમિટી તરફથી માહિતી આપવાનો વિષય હતો, પરંતુ આ જ દરમિયાન ચંદ્રશેખરણને આગામી પાંચ વર્ષ માટે ચેરમેન બનાવવાનો પ્રસ્તાવ પસાર કરી દેવામાં આવ્યો. તેમણે મીટિંગની વગર એડિટ કરેલી વીડિયો રેકોર્ડિંગ ઉપલબ્ધ કરાવવાની માગણી કરી છે.૧૭ સપ્ટેમ્બરે યોજાયેલી બોર્ડ મીટિંગમાં ચંદ્રશેખરણને ફરીથી ચેરમેન બનાવવાના પ્રસ્તાવના સમર્થનમાં ચાર ડિરેક્ટરોએ મત આપ્યો, જ્યારે નોએલ ટાટાએ તેનો વિરોધ કર્યો. ટાટા સન્સના બોર્ડમાં ટાટા ટ્રસ્ટ્સના બે નામાંકિત ડિરેક્ટર છે. જેમાં નોએલ ટાટા ઉપરાંત ટીવીએસ મોટરના ચેરમેન એમેરિટસ વેણુ શ્રીનિવાસન સામેલ છે. શ્રીનિવાસને ચંદ્રશેખરણની નિમણૂકના સમર્થનમાં મત આપ્યો હતો.નોએલ ટાટાનો તર્ક છે કે, ટાટા સન્સના આર્ટિકલ્સ ઓફ એસોસિએશન મુજબ, ચેરમેનની નિમણૂક માટે ટાટા ટ્રસ્ટ્સના નામાંકિત ડિરેક્ટરોની સહમતિ જરૂરી છે. આ જ આધારે તેમણે નિમણૂકની વૈધતા પર સવાલો ઉઠાવ્યા છે. જોકે, ટાટા સન્સે અગાઉ આ વાંધાઓને ફગાવી દેતા કાનૂની અભિપ્રાયનો હવાલો આપ્યો હતો. કંપની તરફથી રજૂ કરાયેલા કાનૂની અભિપ્રાયમાં બોર્ડના નિર્ણયને વૈધ ઠેરવવામાં આવ્યો હતો.એન. ચંદ્રશેખરણનો વર્તમાન કાર્યકાળ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ સમાપ્ત થવાનો છે. તેમણે ઓગસ્ટ ૨૦૨૬માં સંકેત આપ્યો હતો કે તે ત્રીજા કાર્યકાળ માટે પોતાની જાતને ફરીથી નિયુક્ત કરાવવા માંગતા નથી.ત્યારબાદ ટાટા ટ્રસ્ટ્સે તેમના નિર્ણયને મંજૂર કરતા નવા ચેરમેનની પસંદગીની પ્રક્રિયા શરૂ કરવાની વાત કહી હતી. પરંતુ સપ્ટેમ્બરમાં ટાટા સન્સના બોર્ડે તેમને આગામી પાંચ વર્ષ માટે ફરીથી નિયુક્ત કરવાનો પ્રસ્તાવ મંજૂર કરી લીધો. આ નિર્ણય પછીથી ટાટા ટ્રસ્ટ્સ અને ટાટા સન્સ વચ્ચે મતભેદો સતત વધી રહ્યા છે.ટાટા ટ્રસ્ટ્સ પાસે ટાટા સન્સની આશરે ૬૬ ટકા હિસ્સેદારી છે. ટાટા સન્સ જ ટાટા ગ્રૂપની મુખ્ય હોલ્ડિંગ કંપની છે.

ICC રેન્કિંગમાં મોટો ફેરફાર

અભિષેક શર્મા ફરી T20માં નંબર-૧, માર્કો યાનસેનને બેવડો તાજ

નવી દિલ્હી,

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ **(ICC)** દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની રેન્કિંગમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે. ભારતીય બેટર અભિષેક શર્મા ફરી **T20** આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિશ્વનો નંબર-૧ બેટર બન્યો છે. બીજી તરફ, દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર માર્કો યાનસેને ટેસ્ટ ક્રિકેટમાં બોલિંગ અને ઓલરાઉન્ડર રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું હોવાનો અહેવાલ છે. ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી **T20** મેચમાં અભિષેક શર્માએ શાનદાર બેટિંગ કરતાં માત્ર ૩૮ બોલમાં ૧૧૩ રન ફટકાર્યા હતા. આ પ્રદર્શનના આધારે તે ૮૯૭ રેટિંગ પોઈન્ટ સાથે ફરી પ્રથમ સ્થાને પહોંચ્યો છે. **T20** આંતરરાષ્ટ્રીય બેટિંગ રેન્કિંગમાં અભિષેક શર્માએ પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાન અને ભારતના ઈશાન કિશનને પાછળ છોડી દીધા છે. ફરહાન ૮૮૩ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે, જ્યારે ઈશાન કિશન ૮૬૬ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને સરકી ગયો છે. **T20** બેટિંગ રેન્કિંગના ટોચના પાંચ ખેલાડીઓ આ પ્રમાણે છેઃ ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં દક્ષિણ આફ્રિકાના માર્કો યાનસેને ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને પાછળ છોડીને પ્રથમ સ્થાન મેળવ્યું છે. યાનસેનના ૮૭૬ રેટિંગ પોઈન્ટ છે, જ્યારે સ્ટાર્ક ૮૬૧ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. ટેસ્ટ બોલિંગ રેન્કિંગના ટોચના પાંચ ખેલાડીઓમાં ન્યૂઝીલેન્ડના મેટ હેનરી ત્રીજા, ઈંગ્લેન્ડના ઓલી રોબિન્સન ચોથા અને ભારતના જસપ્રીત બુમરાહ પાંચમા સ્થાને છે. ટેસ્ટ ઓલરાઉન્ડર રેન્કિંગમાં પણ માર્કો યાનસેનને ફાયદો થયો છે. તે ૪૫૧ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને પહોંચ્યો છે, જ્યારે ભારતનો રવીન્દ્ર જાડેજા ૪૨૨ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. બાંગ્લાદેશનો મેહદી હસન મિરાઝ ૩૧૯ પોઈન્ટ સાથે ત્રીજા, દક્ષિણ આફ્રિકાનો વિયાન મુલ્ડર ૩૦૯ પોઈન્ટ સાથે ચોથા અને મિચેલ સ્ટાર્ક ૨૫૭ પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે. અભિષેક શર્માનું ફરી **T20** બેટિંગ રેન્કિંગમાં ટોચ પર પહોંચવું ભારતીય ક્રિકેટ માટે નોંધપાત્ર ઘટના છે. ન્યૂઝીલેન્ડ સામેની તેની સદી તેના આક્રમક બેટિંગ અભિગમને દર્શાવે છે. બીજી તરફ, ટેસ્ટ ક્રિકેટમાં યાનસેનનું બોલર અને ઓલરાઉન્ડર તરીકે ટોચનું સ્થાન દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ માટે મહત્ત્વપૂર્ણ છે. આ રેન્કિંગ ફેરફારોને કારણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણ અલગ-અલગ વિભાગોમાં નવા નંબર-૧ ખેલાડીઓની ચર્ચા શરૂ થઈ છે.

એઆઈની સ્વાયત્ત કામગીરીથી ડેટા સુરક્ષા સામે સવાલ

એન્થ્રોપિકના ક્લોડે પેવોલ તોડી જ્યોર્જિયાનો ચૂંટણી ડેટા મેળવ્યો

ક્લોડના બીજા મોડેલે અગાઉ પોલીસને ખોટી બાતમી આપી હતી જ્યોર્જિયા રાજ્યનો ચૂંટણી ડેટા ફી ચૂકવ્યા વગર મેળવી લીધો

નવી દિલ્હી,

એઆઈ મોડેલ્સ હવે વધુ સક્ષમ બની રહ્યા છે અને પરવાનગી વગર નહીં કરવા જેવા કામ કરી નાખે છે. યુનાઈટેડ સ્ટેટસના જ્યોર્જિયાના મતદારોનો ડેટા ક્લોડ એઆઈએ મેળવી લીધો છે. આ ડેટા મેળવવા ક્લોડ પાસે કોઈ ઓથોરાઈઝેશન નહોતું તેવું કંપની એન્થ્રોપિક કહે છે. આ ડેટા નાણા ખર્ચ્યા વગર મળતો નથી, પણ ક્લોડ એઆઈએ તો પેવોલ બાયપાસ કરીને ડેટા મેળવી લીધો હતો. આવું કૃત્ય ક્લોડના કયા મોડેલે કર્યું અને ક્યારે કર્યું તેની એન્થ્રોપિકે જાણ કરી નથી.સ્ટેટિસટિક્સના એક પ્રોજેક્ટ માટે ક્લોડનો ઉપયોગ કરાઈ રહ્યો હતો. આ 'ટ્રેઈનિંગ રન' દરમિયાન એઆઈને જાણ થઈ હતી કે પબ્લિક ડેશ બોર્ડનો ઉપયોગ કરવા વિઝિટર્સને એક્સેસ ટોકન આપવામાં આવે છે.જે માહિતી ફી ચૂકવ્યા પછી જ મળે તે માહિતી માટે મોડેલે ડેશ બોર્ડ પાસેથી એક્સેસ ટોકનની વિનંતી કરી હતી અને વોટર્સ ડેટા (મતદાતાઓની વિગતો) મેળવી લીધો હતો.એન્થ્રોપિકના એક પ્રવક્તાએ કહ્યું કે 'આવા કૃત્યો ફરી વાર નહીં થઈ શકે તે માટે અમે પગલાં ભર્યા છે.ક્લોડે વ્યક્તિગત મતદારોની વિગત મેળવી નથી અથવા વોટર્સ ડેટામાં ફેરફારો કર્યા નથી તેવી સ્પષ્ટતા એન્થ્રોપિકે કરી હતી.આ બનાવ બન્યો હતો તે પછી એન્થ્રોપિકે જ્યોર્જિયા સેક્રેટરી ઓફ સ્ટેટ અને વ્હાઈટ હાઉસને જાણ કરી હતી, આ ઘટના જૂની છે, પણ હવે જાહેર થઈ છે. જ્યોર્જિયા ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ જોર્ડન ફૂક્સે કહ્યું હતું કે એઆઈએ પ્રોટેક્ટેડ (રક્ષિત) વોટર્સ ફાઈલ્સ મેળવી નહોતી, પણ જાહેરમાં ઉપલબ્ધ (ફી ભર્યા પછી) વોટર્સ ડેટા જ મેળવ્યો હતો. અહીં મહત્ત્વનું એ છે કે પેવોલ બાયપાસ કરી ડેટા મેળવવામાં આવ્યો હતો. ટોકન અથવા પેમેન્ટની આવશ્યકતાથી રક્ષિત માહિતીને ક્લોડ વગર પેમેન્ટ મેળવી શકે છે તેવું એન્થ્રોપિકે આ મહિનાની શરૂઆતમાં જણાવ્યું હતું. ફેડરલ, રાજ્યની અને સ્થાનિક સરકારી સંસ્થાઓની વેબસાઈટ્સ પરની પેવોલ્સને બાયપાસ કરી શકાય છે તેવું કંપનીએ જણાવ્યું હતું.અમેરિકામાં નવેમ્બરમાં મધ્યસત્રી ચૂંટણીઓ થશે તેવા સમયે વોટર ડેટા સુધી પહોંચવાની એઆઈ એજન્ટનું કૃત્ય ખૂબ જ ચિંતાજનક છે. પરવાનગી વગર આગળ વધે તેવાને 'રોગ' એઆઈ એજન્ટ્સ તરીકે ઓળખવામાં આવે છે. એઆઈ એજન્ટ્સને તેમની નિયંત્રિત સરહદમાં રહેવું જોઈએ તેની ખાત્રી કરવી જરૂરી છે તેવું આ ઘટના દર્શાવે છે.ઓટોનોમસ (સ્વાયત્ત) એઆઈ સિસ્ટમ્સ સુરક્ષા જોખમો ઊભા કરે છે તે આ બનાવ દર્શાવે છે. આ બનાવ ક્યારે બન્યો તે તારીખ કંપનીએ જણાવી નથી. આવો એક અન્ય બનાવની પણ આ મહિનામાં જાણ થઈ છે. ક્લોડના એક મોડેલે જુલાઈમાં ફિલાડેલ્ફિયા પોલીસ વેબસાઈટને એક ખૂન કેસમાં ખોટી ટીપ આપી દીધી હતી. એન્થ્રોપિકના એક એઆઈ મોડેલે ફિલાડેલ્ફિયા પોલીસ વેબસાઈટને એક ખૂન કેસ અંગે ખોટી ટીપ (બાતમી) આપી હતી. એન્થ્રોપિકના મોડેલે પોતાની રજૂઆતમાં ૧૮મી જુલાઈએ લખ્યું હતું કે 'મારી પાસે આ કેસ સંબંધી માહિતી હોય શકે છે.

નાગરિકો ૩૦ ઓક્ટોબર સુધી મોકલી શકશે સૂચનો

અમદાવાદ કોર્પોરેશનનું બજેટ ૨૦૨૭-૨૮ ફેબ્રુઆરીમાં રજૂ થશે

શહેરીજનો રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ અને અન્ય વિકાસલક્ષી કામો અંગેના પોતાના અભિપ્રાય મોકલી શકશે

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વર્ષ ૨૦૨૭-૨૮ના વાર્ષિક બજેટની તૈયારીઓ અત્યારથી જ શરૂ કરી દેવાઈ છે. ફેબ્રુઆરી ૨૦૨૭માં બજેટ રજૂ થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને કોર્પોરેશને લગભગ ચાર મહિના પહેલાં જ આયોજન હાથ ધર્યું છે. બજેટમાં નાગરિકોની જરૂરિયાતો અને તેમના વિસ્તારના પ્રશ્નોને સ્થાન આપી શકાય તે માટે શહેરીજનો પાસેથી સૂચનો મંગાવાયા છે. નાગરિકો ૩૦ ઓક્ટોબર સુધીમાં પોતાના સૂચનો ઈમેલ દ્વારા મોકલી શકશે. આગામી નાણાકીય વર્ષના બજેટને ધ્યાનમાં રાખીને નાગરિકો પોતાના વિસ્તારની પ્રાથમિક સુવિધાઓ અને વિકાસના કામો અંગે અભિપ્રાય આપી શકશે. સૂચનો મોકલતી વખતે નામ, મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી આપવાના રહેશે. નાગરિકો amcbudgt 2728@gmail.com પર પોતાના સૂચનો મોકલી શકશે. કોર્પોરેશન દ્વારા નાગરિકો પાસેથી રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, સફાઈ, બાગ-બગીચા અને અન્ય વિકાસલક્ષી કામો અંગે સૂચનો મંગાવાયા છે. નાગરિકો તેમના વિસ્તારમાં કઈ સુવિધાની જરૂરિયાત છે અથવા હાલની વ્યવસ્થામાં ક્યાં સુધારો કરવો જોઈએ તે અંગે રજૂઆત કરી શકશે. એ સૂચનોમાંથી યોગ્ય મુદ્દાને આગામી વર્ષના બજેટ આયોજનમાં ધ્યાનમાં લેવાશે. આ અંગે અમદાવાદના મેયર હિતેશ બારોટ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે જણાવ્યું હતું કે, કોર્પોરેશન દ્વારા દર વર્ષે બજેટ તૈયાર કરતા પહેલાં નાગરિકો પાસેથી સૂચનો મેળવાય છે. લોકોની રજૂઆતોની સમીક્ષા કરીને યોગ્ય મુદ્દાને આગામી બજેટમાં સ્થાન આપવાનો પ્રયાસ કરાશે. અમદાવાદ કોર્પોરેશન દ્વારા અગાઉ પણ બજેટ માટે નાગરિકો પાસેથી સૂચનો મંગાવાયા હતા. તે સૂચનોમાંથી આશરે ૧૦ ટકા સૂચનોને ગ્રાહ્ય રાખીને બજેટમાં સમાવિષ્ટ કરાયા હોવાનું જણાવાયું હતું. જ્યારે અન્ય સૂચનોમાંથી કેટલાકનો નિકાલ ફરિયાદો અથવા સંબંધિત વિભાગીય કામગીરી દ્વારા કરાયો હતો. ગત વર્ષે નાગરિકો તરફથી મુખ્યત્વે પાણી, ડ્રેનેજ અને રસ્તાની સુવિધા સુધારવા અંગે રજૂઆતો આવી હતી. આ ઉપરાંત કોમ્યુનિટી હોલ, પાર્ટી પ્લોટ, લાઈબ્રેરી, રીડિંગ રૂમ, ગાર્ડન, સ્વિમિંગ પૂલ અને સિનિયર સિટીઝન પાર્ક જેવી સુવિધાઓ ઊભી કરવા અંગે પણ સૂચનો મળ્યા હતા. હવે આગામી બજેટમાં નાગરિકો દ્વારા રજૂ કરાતા સૂચનોમાંથી કયા મુદ્દાઓને પ્રાથમિકતા અપાય છે, તે જોવું મહત્ત્વનું રહેશે.

CMની સુરક્ષામાં ફરજ બજાવતા હતા

ગાંધીનગરમાં PSI એ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી ગોળી મારી આપઘાત કર્યો

ગાંધીનગર,

મુખ્યમંત્રીની સુરક્ષામાં ફરજ બજાવતા PSI ઝાલાએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી ગોળી મારી જીવન ટૂંકાવી લેતાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં કૌટુંબિક અને અંગત કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું હોવાની વિગતો સામે આવી છે. મુખ્યમંત્રી જેવા અતિ મહત્વના વીઆઈપીની સુરક્ષામાં તૈનાત અધિકારીના આપઘાતના પગલે સમગ્ર પોલીસ બેડામાં શોકની લાગણી વ્યાપી ગઈ છે અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા બનાવ અંગે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

પોતાની જ સર્વિસ રિવોલ્વર વડે જાતે ગોળી મારી લીધી મળતી વિગતો અનુસાર, ગાંધીનગરમાં ફરજ બજાવતા અને સેક્ટર ૨૭ પોલીસ લાઈનમાં રહેતા PSI ઝાલાએ અચાનક પોતાની જ સર્વિસ રિવોલ્વર વડે જાતે ગોળી મારી લીધી હતી. ગોળીનો અવાજ સાંભળી આસપાસના લોકો અને સાથી કર્મચારીઓ દોડી આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછ અને તપાસમાં આ આપઘાત પાછળ કૌટુંબિક કે પારિવારિક વિવાદ કારણભૂત હોવાની શક્યતાઓ સેવાઈ રહી છે. જોકે, આ અંગે કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં તમામ પાસાઓની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને FSLની ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી. FSL દ્વારા ઘટનાસ્થળેથી જરૂરી નમૂના અને પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે, જેથી બનાવની ચોક્કસ કડીઓ મેળવી શકાય. હાલમાં પોલીસે મૃતક PSIના સાથી કર્મચારીઓ, સાથે ફરજ બજાવતા અધિકારીઓ તેમજ પરિવારજનોની પૂછપરછ હાથ ધરી છે. પોલીસ તંત્ર દ્વારા સત્તાવાર વિગતવાર અહેવાલ જાહેર કર્યા બાદ જ આત્મહત્યાના સાચા અને ચોક્કસ કારણો અંગે વધુ સ્પષ્ટતા સામે આવી શકશે. વીઆઈપીની સુરક્ષામાં તૈનાત અધિકારીના આપઘાતના પગલે સમગ્ર પોલીસ બેડામાં શોકની લાગણી વ્યાપી ગઈ.

૫૦.૭૫% ના રિકવરી રેટ સાથે શ્રેષ્ઠ કામગીરી

ગુમ થયેલાં મોબાઈલ શોધવામાં ગુજરાત દેશમાં બીજા ક્રમાંકે

રાજ્યમાં આણંદ જિલ્લો પ્રથમ, ડાંગ દ્વિતીય સ્થાને

ગાંધીનગર,

ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલ ફોનને બ્લોક કરવા અને તેને ઝડપથી શોધી કાઢવા માટે કાર્યરત 'સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર' (CEIR) પોર્ટલના ઉત્કૃષ્ટ અમલીકરણ બદલ ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) અને ગુજરાત પોલીસના સંયુક્ત ઉપક્રમે શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાયેલા આ પ્રોગ્રામમાં શ્રેષ્ઠ નોડલ અધિકારીઓને શીલ્ડ તેમજ પ્રશંસાપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

ડેટા એનાલિસિસ મુજબ સમગ્ર દેશમાં મોબાઈલ રિકવરીનો સરેરાશ દર ૩૭.૪% રહ્યો છે, જેની સરખામણીએ ગુજરાતે ૫૦.૭૫% નો ઊંચો રિકવરી રેટ હાંસલ કરીને દેશના મોટા રાજ્યોમાં બીજું સ્થાન મેળવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨,૩૮,૫૩૩ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરવામાં આવ્યા છે, જેમાંથી ૧,૪૭,૪૨૭ હેન્ડસેટ ટ્રેસ થયા છે અને ૭૪,૮૨૩ મોબાઈલ સફળતાપૂર્વક તેના મૂળ માલિકોને પરત સોંપાયા છે. ગત વર્ષના ૪૧% ની સામે આ વર્ષે રિકવરી દરમા ૯.૭૫ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ની કામગીરીના આધારે શ્રેષ્ઠ કામગીરી કરનારા જિલ્લાઓમાં આણંદ પ્રથમ, ડાંગ દ્વિતીય અને અમદાવાદ શહેર તૃતીય ક્રમે આવ્યા છે. આ સિદ્ધિ બદલ આણંદ સાયબર સેલના પી.આઈ. જયમીન ડોડિયા, ડાંગ એલ.સી.બી.ના પી.એસ.આઈ. જે. જી. અનડકટ તેમજ અમદાવાદ શહેરના એ.એસ.આઈ. ભાવેશકુમાર અને પો.કો. હાર્દિકસિંહનું વિશેષ એવોર્ડ આપી સન્માન કરાયું હતું. ડીજીપી ડૉ. કે. એલ. એન. રાવ અને DoTના એડિશનલ ડાયરેક્ટર જનરલ ગિરીશ કટારિયાની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં પોલીસ અને DoT વચ્ચેનું મજબૂત સંકલન નાગરિકોના કિંમતી મોબાઈલ પરત મેળવવા તેમજ સાયબર છેતરપિંડી રોકવામાં અત્યંત અસરકારક સાબિત થઈ રહ્યું હોવાનું દર્શાવાયું હતું. આ સન્માન સમારોહમાં CID ક્રાઈમ અને રેલવેઝના ડીજીપી ડૉ. કે. એલ. એન. રાવ તેમજ DoT ગુજરાત LSAના એડિશનલ ડાયરેક્ટર જનરલ ગિરીશ કટારિયા ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પોલીસ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગ વચ્ચેના સંકલનથી મોબાઈલ ઉપકરણોના દુરુપયોગને અટકાવવા, ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવા અને નાગરિકોને તેમના કિંમતી ઉપકરણો પરત અપાવવામાં મદદ મળી રહી છે. સાથે જ, મોબાઈલ ફોનના દુરુપયોગ સાથે સંકળાયેલી સાયબર છેતરપિંડીના બનાવોને નિયંત્રિત કરવામાં પણ આ વ્યવસ્થા ઉપયોગી સાબિત થઈ રહી છે.

વેપારીઓમાં ભયનો માહોલ

દિવાળી ટાણે રાજકોટની સોની બજારમાં અસામાજિક તત્વોનો ત્રાસ

પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે અને ફરિયાદમાં ઉલ્લેખિત શખ્સો સામે યોગ્ય તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવે

રાજકોટ,

દિવાળીના તહેવાર દરમિયાન રાજકોટની સોની બજારમાં વેપારીઓની સુરક્ષાને લઈને ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. બજારમાં હર્ષદ મહાજન ગેંગ સાથે સંકળાયેલા હોવાનો આક્ષેપ ધરાવતા શખ્સો દ્વારા વેપારીઓ સાથે માથાકૂટ, ગેરવર્તણૂક અને તોડફોડના પ્રયાસો કરવામાં આવ્યા હોવાની ફરિયાદ ઉઠી છે. તહેવારો દરમિયાન બજારમાં ખરીદી માટે લોકોની અવરજવર વધી રહી છે ત્યારે આવા બનાવોને પગલે વેપારીઓમાં રોષ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. મળતી વિગતો અનુસાર, સોની બજારમાં આવેલા CP જ્વેલર્સ સહિત આસપાસના આશરે ત્રણ વેપારીઓ સાથે કેટલાક શખ્સોએ માથાકૂટ અને ગેરવર્તણૂક કરી હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત દુકાનોના નામનાં બોર્ડને લોખંડના પાઈપ વડે નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની પણ ફરિયાદ સામે આવી છે. બજારમાં ખરીદી કરવા આવતા ગ્રાહકો સાથે પણ ગેરવર્તણૂક કરવામાં આવતી હોવાના આક્ષેપોને કારણે વેપારીઓમાં નારાજગી વધી છે. દિવાળી જેવા મહત્ત્વના તહેવાર દરમિયાન વેપાર-ધંધાને અસર થવાની સાથે ગ્રાહકોની સુરક્ષા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સોની બજારના વેપારીઓએ સમગ્ર મામલે રાજકોટના એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપીને તાત્કાલિક પોલીસ રક્ષણ પૂરું પાડવાની માગ કરી છે. વેપારીઓની માગ છે કે બજારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે અને ફરિયાદમાં ઉલ્લેખિત શખ્સો સામે યોગ્ય તપાસ કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. વેપારીઓનું કહેવું છે કે તહેવારોની મોસમમાં બજારમાં વેપાર માટે અનુકૂળ અને સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે જરૂરી છે. અસામાજિક તત્વો સામે સમયસર પગલાં લેવામાં નહીં આવે તો વેપાર અને ગ્રાહકોની અવરજવર પર નકારાત્મક અસર પડી શકે છે. ફરિયાદના સંદર્ભમાં હર્ષદ મહાજન ગેંગ સાથે સંકળાયેલા શખ્સો અગાઉ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પર પથ્થરમારાની ઘટનામાં સંડોવાયેલા હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, આ તમામ આક્ષેપોની સત્તાવાર તપાસ અને પોલીસ તરફથી મળતી વિગતોના આધારે જ સમગ્ર મામલાની હકીકત સ્પષ્ટ થઈ શકશે. વેપારીઓએ ચેતવણી આપી છે કે જો તેમની સુરક્ષા માટે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે અને અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી નહીં થાય તો તેઓ ઉગ્ર વિરોધ પ્રદર્શનનો માર્ગ અપનાવી શકે છે.

જામનગરમાં પાડોશીનું પિશાચી કૃત્ય

ઘરે રમવા આવતી ૧૩ વર્ષીય સગીરા પર વારંવાર દુષ્કર્મ આચરનાર નરાધમ ઝડપાયો

જામનગર,

જામનગર શહેરના નંદનવન સોસાયટી વિસ્તારમાં એક અત્યંત શરમજનક અને હચમચાવી નાખનારી ઘટના સામે આવી છે, જેમાં પાડોશમાં જ રહેતા એક શખસે ૧૩ વર્ષીય માસૂમ બાળકી સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાનું બહાર આવ્યું છે. આ ઘૃણાસ્પદ કૃત્ય આચરનાર લાલજી લખમણ મકવાણા નામના આરોપી વિરુદ્ધ પરિવારે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના સમયમાં જ તેની ધરપકડ કરી લીધી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભોગ બનનાર ૧૩ વર્ષીય સગીરા આરોપીની દીકરી સાથે રમવા માટે તેના ઘરે જતી હતી. આ દરમિયાન પાડોશી લાલજી મકવાણાએ બાળકીની મજબૂરીનો અને અતિશય વિશ્વાસનો ગેરલાભ ઉઠાવીને તેની સાથે અવારનવાર છેડછાડ કરી હતી અને દુષ્કર્મ આચર્યું હતું. આ વાતની જાણ પરિવારને થતા તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

પરિવારજનોએ આ અંગે તાત્કાલિક જામનગરના સિટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જઈને સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. જામનગર ગ્રામ્યના ઈન્ચાર્જ ડીવાયએસપીએ જણાવ્યું હતું કે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે આરોપી સામે પોક્સો (POCSO) એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા (BNS) ની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે આરોપી લાલા મકવાણાની અટકાયત કરી લીધી છે અને પોક્સોની પ્રવર્તમાન ગાઈડલાઈન મુજબ આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વર્તમાન સમયમાં બાળકો સામે બનતી આવી દુઃખદ અને અપરાધિક ઘટનાઓ સમગ્ર સભ્ય સમાજ માટે એક મોટો કલંક અને ચિંતાનો વિષય બની ગઈ છે. આ ઘટના બાદ પોલીસ અને નિષ્ણાતો દ્વારા પણ વાલીઓ અને પરિવારોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના બાળકોની સુરક્ષા પ્રત્યે અત્યંત સતર્ક અને જાગૃત રહે, કારણ કે ઘણીવાર અતિશય વિશ્વાસને કારણે પાડોશ કે પરિચિત જગ્યાઓ પર પણ બાળકો અસુરક્ષિત બની જતાં હોય છે. બાળકો સાથે ખુલ્લેઆમ વાતચીત કરવાનો માહોલ ઊભો કરવો જોઈએ, જેથી તેઓ પોતાની સાથે થતા કોઈપણ અયોગ્ય વર્તન કે અસહજ અનુભવ વિશે વહેલી તકે પરિવારને જણાવી શકે.

સાયબર ક્રાઈમનો ખુલાસો

અમદાવાદમાં ૧૯ ધમકીભર્યા ઈમેલનું પગેરું પાકિસ્તાન-બાંગ્લાદેશ સુધી પહોંચ્યું

ઈમેલનો મુખ્ય હેતુ લોકોમાં ભય અને દહેશત ફેલાવવાનો હતો : પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને મહત્ત્વપૂર્ણ જાહેર સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈમેલ મામલે સાયબર ક્રાઈમ બ્રાન્ચે મહત્ત્વની વિગતો જાહેર કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, શહેરમાં કુલ ૧૯ ધમકીભર્યા ઈમેલ મોકલવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ ઈમેલનું નેટવર્ક પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે જોડાયેલું હોવાનું સામે આવ્યું છે. સાયબર ક્રાઈમનાં ડીસીપી લવીના સિંહાએ તપાસ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ ઈમેલનો મુખ્ય હેતુ લોકોમાં ભય અને દહેશત ફેલાવવાનો હતો. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, ધમકીભર્યા ઈમેલ દ્વારા અમદાવાદની આશરે ૧૪ શાળાઓ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ ગ્રામ્ય કોર્ટ, ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, ગુજરાત હાઈકોર્ટ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિતનાં સ્થળોને નિશાન બનાવવામાં આવ્યાં હતાં. આ પ્રકારના ઈમેલ અગાઉ પણ મળ્યા હતા, જેના પગલે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ હતી. જાહેર સ્થળોને નિશાન બનાવવાની આ ઘટનાઓને પગલે તપાસ એજન્સીઓએ ઈમેલના સ્રોત અને તેની પાછળ સક્રિય નેટવર્કની તપાસ શરૂ કરી હતી. સાયબર ક્રાઈમની તપાસમાં ઈમેલ મોકલવા માટે એકસરખી પેટર્નનો ઉપયોગ થતો હોવાની વિગતો સામે આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશના રંગપુરમાંથી ઈમેલ એકાઉન્ટ ખરીદીને પાકિસ્તાનમાં વેચવામાં આવતાં હોવાની કડી મળી છે. તપાસમાં લાહોર અને કરાચીનાં IP એડ્રેસનો પણ ઉલ્લેખ થયો છે. જોકે, માત્ર IP એડ્રેસના આધારે કોઈ ચોક્કસ વ્યક્તિની સંડોવણી અંતિમ રીતે સાબિત થતી નથી. આ કડીઓના આધારે તપાસ એજન્સીઓ નેટવર્ક સાથે સંકળાયેલા લોકોની ભૂમિકા ચકાસી રહી છે. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે આ નેટવર્કમાં સામેલ લોકો ટેલિગ્રામ અને વોટ્સએપ ગ્રુપ મારફતે વિવિધ વ્યક્તિઓનાં Gmail એકાઉન્ટ ખરીદતા હતા. એકાઉન્ટ વેચનારાઓને ક્રિપ્ટોકરન્સી મારફતે ચુકવણી કરવામાં આવતી હોવાની વિગતો પણ તપાસમાં મળી છે. આ રીતે અન્ય લોકોનાં ઈમેલ એકાઉન્ટનો ઉપયોગ કરીને ધમકીભર્યા સંદેશા મોકલવામાં આવતા હોવાની આશંકા છે. પોલીસ આ સમગ્ર નેટવર્કમાં સામેલ વ્યક્તિઓ, નાણાકીય વ્યવહારો અને ડિજિટલ પુરાવાની તપાસ કરી રહી છે. આ પ્રકારની બોમ્બ ધમકીના કેસમાં અગાઉ પશ્ચિમ બંગાળમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું પણ અહેવાલમાં જણાવાયું છે.

ઓનલાઈન 'Free Fire' ગેમે સગીરાને ફસાવી

જામનગરની બાળકી છેક ૨૦૦૦ કિમી દૂર આસામમાંથી મુક્ત, આરોપી ઝડપાયો

ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે બોંગાઈગાંવ જિલ્લામાંથી સગીરાને હેમખેમ ઉગારી પરિવારને સોંપાઈ

જામનગર,

આજના આધુનિક યુગમાં ઓનલાઈન વીડિયો ગેમ્સના રવાડે ચઢેલા યુવાનો અને બાળકો માટે લાલબત્તી સમાન એક ચોંકાવનારો કિસ્સો જામનગરમાં સામે આવ્યો છે. ઓનલાઈન લોકપ્રિય 'Free Fire' ગેમ રમતાં-રમતાં એક સગીરાના સંપર્કમાં આવેલા આસામના યુવકે તેને પ્રેમજાળમાં ફસાવી, લલચાવી-ફોસલાવીને ૨૦૦૦ કિલોમીટર દૂર ભગાડી જવાનું ચકચારી કાવતરું રચ્યું હતું. જોકે, જામનગર પોલીસની સીટી એ ડિવિઝન ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આસામ સુધી પહોંચીને આરોપીને દબોચી લીધો છે અને સગીરાને સક્ષમ રીતે મુક્ત કરાવી છે.

ઘટનાની વિગત અનુસાર, આસામના ૨૪ વર્ષીય યુવક પ્રદ્યુત કાર્તિક ચૌધરીએ 'Free Fire' ગેમ રમતી વખતે જામનગરની સગીર બાળા સાથે મિત્રતા કેળવી હતી.

ગેમમાં વાતચીત દરમિયાન આરોપીએ ચાલાકીપૂર્વક સગીરાનો મોબાઈલ નંબર મેળવી લીધો હતો. ત્યારબાદ ફોન પર સતત સંપર્કમાં રહી તેને પ્રેમના ઝાંસામાં ફસાવીને ભગાડી જવાનું ષડયંત્ર રચ્યું હતું.

ગત ૮મી ઓક્ટોબરના રોજ આ સગીરા જામનગર એસ.ટી. બસ સ્ટેન્ડ પરથી રહસ્યમય સંજોગોમાં ગુમ થઈ ગઈ હતી. દીકરી અચાનક ગુમ થતાં ચિંતિત પરિવારજનોએ જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

બાળકીના અપહરણની ગંભીરતાને ધ્યાને લઈ જામનગર પોલીસ તાત્કાલિક એક્શન મોડમાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની સાથે સાયબર સેલ અને ટેકનિકલ એનાલિસિસની મદદ લીધી હતી. લોકેશન ટ્રેસિંગના આધારે પોલીસને પાક્કી બાતમી મળી હતી કે ગુમ થયેલી સગીરા છેક આસામ રાજ્યમાં છે.

બાતમી મળતાં જ જામનગર પોલીસની એક ખાસ ટીમ તાત્કાલિક આસામ રવાના થઈ હતી અને બોંગાઈગાંવ જિલ્લાના જોગીધોપા ગામે દરોડો પાડ્યો હતો. ત્યાંથી પોલીસે આરોપી પ્રદ્યુત ચૌધરીને દબોચી લીધો હતો અને સગીરાને તેના કબજામાંથી સુરક્ષિત રીતે મુક્ત કરાવી હતી. પોલીસ ટીમ બંનેને જામનગર પરત લાવી હતી, જ્યાં સગીરાને તેના માતા-પિતાને સોંપવામાં આવી હતી.

જામનગર પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) અને પોક્સો (POCSO) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની સખત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચા-નાસ્તાની દુકાનની ભાગીદારીમાં મનદુઃખ

પાર્ટનરની હત્યા કરી કેનાલમાં ફેંકી દેનાર યુપીનો આરોપી ઝડપાયો

વડોદરા,

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હચમચાવી નાખનારી હત્યાની ઘટના સામે આવી છે, જેમાં ચા-નાસ્તાની દુકાનની ભાગીદારીમાં થયેલા સામાન્ય મનદુઃખે ગંભીર ગુનાનું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ભાગીદારે જ પોતાના જ બિઝનેસ પાર્ટનરની ઘાતકી હત્યા કરીને લાશને કેનાલમાં ફેંકી દીધી હોવાનો પર્દાફાશ થયો છે. વડોદરા પોલીસે ગણતરીના કલાકોમાં જ આ સમગ્ર હત્યાના ભેદને ઉકેલીને ઉત્તર પ્રદેશના રહેવાસી આરોપી સુફિયાન અબ્દુલસત્તાર સિદ્દીકીની ધરપકડ કરી લીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક મનમોહનસિંહ સંજયસિંહ અને આરોપી સુફિયાન અબ્દુલસત્તાર સિદ્દીકી બંને સંયુક્તપણે ચા-નાસ્તાની દુકાન ચલાવતા હતા અને તેમાં ભાગીદાર હતા. મૃતક મનમોહનસિંહ સમયસર દુકાને ન પહોંચતા આરોપી સુફિયાનને તેની સાથે મનદુઃખ થયું હતું, જેને લઈને બંને વચ્ચે ઉગ્ર વિવાદ અને બોલાચાલી પણ થઈ હતી. આ ધંધાકીય અદાવત અને રોષના કારણે આરોપીએ રાત્રે મૃતકના ઘરે જઈને ગાળાગાળી કરી હતી અને બાદમાં તેને બાઈક પર બેસાડીને મધુરનગર પાસેની કેનાલ તરફ લઈ ગયો હતો. આરોપીએ મધુરનગર પાસેની કેનાલના વહેતા પાણીમાં મૃતકને ધક્કો મારીને મોતને ઘાટ ઉતાર્યો હોવાનો પોલીસ તપાસમાં ખુલાસો થયો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગોરવા પોલીસે આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની સક્રિય મદદથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે કેનાલમાં આશરે ૧૦ કિલોમીટર સુધી સઘન શોધખોળ હાથ ધર્યા બાદ મૃતકનો મૃતદેહ મેળવવામાં સફળતા મેળવી હતી. પોલીસે આરોપી સુફિયાન અબ્દુલસત્તાર સિદ્દીકીને ઝડપી પાડીને તેની વિરુદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે અને આ જઘન્ય હત્યા પાછળ અન્ય કોઈ કારણો કે કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ આદરી છે.

ઓડિશાથી ગુજરાતમાં ગાંજાનો જથ્થો લાવ્યાની આશંકા

અમદાવાદમાં ૯.૯૨૦ કિલો ગાંજા સાથે મહિલા સહિત બેની ધરપકડ

આ કેસમાં જૂનાગઢના કરીમશા મહેબુબશા રફાઈ અને રિજવાના આમદભાઈ સેહતાની ધરપકડ કરવામાં આવી

અમદાવાદ,

અમદાવાદ શહેરને નશામુક્ત બનાવવા માટે ચાલી રહેલી વિશેષ ડ્રાઈવ અંતર્ગત વટવા નાર્કોટિક્સ સ્ક્વોડે આંતરરાજ્ય ગાંજા સપ્લાય નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. એસ.પી. રિંગ રોડ પર રોપડા ચાર રસ્તા નજીકથી પોલીસે ૯.૯૨૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. જપ્ત કરાયેલા ગાંજાની અંદાજિત કિંમત ૪.૯૬ લાખ હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં જૂનાગઢના કરીમશા મહેબુબશા રફાઈ અને રિજવાના આમદભાઈ સેહતાની ધરપકડ કરવામાં આવી છે. પોલીસને મળેલી બાતમીના આધારે નાર્કોટિક્સ સ્ક્વોડે રોપડા ચાર રસ્તા નજીક નાકાબંધી ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ રીતે પસાર થતા બે વ્યક્તિઓને રોકીને તપાસ કરતાં તેમની પાસેથી ગાંજાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ ગાંજો ઓડિશાથી ટ્રેન અથવા ખાનગી વાહન મારફતે ગુજરાત લાવવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ જથ્થો સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં સપ્લાય કરવાનો હતો કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે. પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત ૫,૨૭૦ રોકડા, બે મોબાઈલ ફોન, કોટક મહિન્દ્રા બેંકનું ડેબિટ કાર્ડ અને અન્ય ઓળખસંબંધિત દસ્તાવેજો કબજે કર્યા છે. તપાસકર્તાઓ હવે મોબાઈલ ફોનની વિગતો અને નાણાકીય વ્યવહારોની તપાસ દ્વારા આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ઓડિશાના ઝારસુગુડામાં રહેતા રબીદાસ નામના શખ્સે ગાંજાનો જથ્થો સપ્લાય કર્યો હોવાની વિગતો સામે આવી હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત જૂનાગઢના આદિલ અશરફભાઈ સૈયદ અને ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં રહેતા ફૈઝાન મેમણની સંડોવણી હોવાની આશંકા પણ તપાસ હેઠળ છે.પોલીસ આ તમામ વ્યક્તિઓ વચ્ચેના સંપર્કો, કોલ ડિટેઈલ્સ અને બેંક વ્યવહારોની તપાસ કરી રહી છે, જેથી ગાંજાની ખરીદી, હેરફેર અને સપ્લાય સાથે સંકળાયેલી કડીઓ મેળવી શકાય. આ મામલે વટવા પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફરાર શંકાસ્પદ વ્યક્તિઓને શોધવા માટે પણ કાર્યવાહી હાથ ધરવાની તૈયારી ચાલી રહી છે. પોલીસની તપાસમાં આ નેટવર્કના અન્ય સંભવિત સભ્યો અને ગાંજાના સપ્લાયના સમગ્ર માર્ગ અંગે વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.